આ વિષયનું શિર્ષક (Heading) વાંચીને અનેક લોકોના ચહેરાની રેખાઓ તંગ બની હશે અને ક્રોધના આવેશમાં લાલ-પીળા બની જઈને બની શકે છે કે લેખકને અશ્લીલ વાણી વિલાસ ના ભ્રષ્ટ શબ્દો થી નવાઝીને આગવી શૈલીના વાકયોની અમીવર્ષાની કૃપા કરવામાં કશી કચાશ બાકી નહીં રહેવા દે. **અલ હમ્દોલિલ્લાહ !** આ અમારૂ સદભાગ્ય છે કે **એહકાકે હક** એટલે કે **'સત્યની સત્યતા'** વ્યકત કરવાની સેવાનું પુરસ્કાર દુનિયામા ંજ પ્રાપ્ત થઈ જશે. પણ અમો **'બિલા–ખૌફે–લોમતા–લાઈમ'** એટલે 'ટીકાકારોની ટીકાનો ડર રાખ્યા વગર' નિડર બનીને સત્ય વાતનો રણકાર કરવાથી ડરી જઈને પીછેહઠ કરવા વાળાઓમાંથી અમો નથી. જેટલો તમારો અમારા ઉપરનો અત્યાચાર વધશે, તેટલી જ બલ્કે તેનાથી વિશેષ અમારી અકીદત (શ્રધ્ધા) વધશે. બલ્કે અશ્લીલ વાણી વિલાસ કરનારાઓને અમો અતિ નમ્ર શૈલીમાં પ્રત્યુત્તર આપતા ફકત એટલું જ કહેશું કેઃ-

''કિત્ને શીરીં હૈં, તેરે લબ કે રકીબ – ગાલિયાં ખા કે બે – મઝા ન હુવા''

અલહમ્દોલિલહ ! અમો જે પણ કહીએ છીએ અથવા લખીએ છીએં, તે **ડંકે કી ચોટ પર કહેતે હૈં.** કેમ કે પ્રબળ દલીલો અમારી પૂંજી છે. સર્વ માન્ય, આધારભૂત અને વિશ્ર્વસનીય કિતાબોના હવાલાઓ અને સંદર્ભો અમારા હથિયાર છે. કુરઆન અને હદીષની પ્રખર દલીલો અને તર્કના સારાંસો અમારા માટે **'હિસ્ને હસીન'** એટલે કે રક્ષણ કરનારા, મઝબુત અને સુરક્ષિત કિલ્લાઓ છે. જેથી દુનિયાથી નિચિંત અને વિરોધીઓ ના વિરોધ તથા ટીકાકારોની વ્યર્થ ટીકાઓથી નિર્ભય બનીને **અલ્લાહ** અને **રસૂલ** ના સત્ય, શુધ્ધ, નિર્મલ અને પવિત્ર ફરમાનો કહેવા કે લખવામાં કોઈપણ પ્રકારનો ભય, ડર, ક્ષોભ, મુંઝવણ, સંકોચ, જોખમ, ભયયુકત શંકા કે ખળભળાટ ની લેશમાત્ર લાગણી નથી અનુભવતા.

બાબે મદીનતુલ ઈલ્મ (જ્ઞાનનગરના દ્વાર), **મોલા–એ–કાએનાત** (સૃષ્ટિના વાલી), **મુર્તઝા** (પસંદગી પામેલ), **શૈરે ખુદા** (ખુદાનો શૂરવીરસિંહ), **ખૈબર કુશા** (ખૈબરનો કિલો ધ્વંશ કરનાર), **સરદાર લશ્કર કુશા** (સૈન્યને આગળ ધપાવનાર સેનાપતિ), **અમીરે લા–ફતા** (અદ્વીત્ય બહાદૂર સરદાર), **દસ્તે ખુદા** (ખુદાની મદદ), **યદુલ્લાહ** (અલ્લાહની તાકત), **ઝૌરે બાઝુ–એ–નબી** (નબીની બાહુશકિત), **નિગારે રાઝદારે કસ્રૂલ્લાહ** (ખુદાના મહેલના ભેદના શૃંગાર), **બહારે લાલાઝારે ઈન્નમા** (ઈન્નમા ના ચમનની વસંત), **તલીકુલ–વજહ** (હસમુખા ચહેરાવાળો), **બહીજુલ–કલ્બ** (દિલનું સાંત્વન), **બૂ–તુરાબ–લકબ** (મટ્ટીવાલે લકબવાળા), **હાદી–એ–દીને –હુદા** (હિદાયતના દીનના પેશ્વા), **શમ્એ –બઝમ** (મહેફિલની રૌનક) **તૈગે રઝમ** (રણ સંગ્રામની તલવાર), **કૌહે અઝમ** (સંકલ્પના પર્વત) **કાને હઝમ** (તકેદારીની ખાણ) **વારિષે ઉલૂમ** (જ્ઞાનોના ઉતરાધિકારી), **હૈદરેકર્રાર** (વારંવાર હુમલો કરીને નસાડી દેનાર સિંહ), **અસદુલ્લાહિલ–ગાલિબ** (અલ્લાહનો વિજયી સાવજ), સૈયદના - વ - મૌલાના **હઝરત અલી** (કર્રમલ્લાહો વજહહુલ કરીમ) ની ફઝીલતો અને તારીફો હદ બહારની છે. તે મહાન આકાની જનાબમાં ખિરાજે અકીદતનો સાચો હક અદા કરવાથી આપણે નિઃશકત અને લાચાર છીએં. તેવા મહાન અને અકલ્પનીય બુલંદ મરતબા વાળા **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હો પોતાની ઉચ્ચ લાયકાતો, જ્ઞાનો, શૌર્યતા, શૂરવીરતા, નબીથી નિકટતા, મરતબાની ભવ્યતા, રૂત્બાની ઉચ્ચતા અને અનકે અકલ્પનીય સદગુણો ના ધારક હોવા છતાં શરીઅતના કાનૂનો સમક્ષ ગરદન ઝુકાવીને સત્યનો સ્વીકાર અને એકરાર કરી લેવામાં કોઈપણ પ્રકારનો હિચકિચાટ, ત્રુટી, સંકોચ કે ખામી આવવા દીધા વગર સમગ્ર મિલ્લતે ઈસ્લામીયાને અનમોલ બોધપાઠ આપ્યો છે કે, ઈમાન અને અકીદાની બાબતમાં સત્ય ઉચ્ચારવા ના મામલે કોઈપણ પ્રકારના સગાવાદ કે કૌટુંબિક અયોગ્ય તરફેણ કરવાના દુષણથી મુકત અને પવિત્ર બનીને વિના સંકોચે અને ભયરહિત બનીને બિનઃપક્ષપાતી વલણ અપનાવવું જોઈએ. પછી ભલે સગા બાપ કે નજીકના અન્ય સગાનો મામલો હોય.

પોતાના આ સાચા ઈમાની જઝબાને પોતાના નિખાલસ કર્તવ્ય દ્વારા પુરવાર કરીને અને તેનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડીને પોતાના વાલિદના ઈન્તેકાલની જાણ **હુઝૂરે અકદસ, જાને ઈમાન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને એ શબ્દો દ્વારા કરી કે **'ઈન્ના – અમ્મકશ – શયખદ – દાલ્લે – કદ – માતા'** એટલે કે 'યા રસૂલલ્લાહ!' આપ કા ચાચા ગુમરાહ બુઢા મર ગયા' અર્થાત : **'આપનો વૃધ્ધ વિચલત કાકો મૃત્યુ પામ્યો'**

જો હઝરત, **મૌલા–એ–કાએનાત, અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો અન્હોના સ્થાને અન્ય કોઈ હોત, તો શું તે પોતાના સગા બાપ માટે આવો શબ્દો પ્રયોગ કરત ? નહીં, પણ **હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોના ઈમાનના નિખાલસ જઝબાએ ઉપરોક્ત વાકયનો ઉપયોગ કરીને સમગ્ર મુસ્લિમ જનસમુદાયને બોધપાઠ આપ્યો છે કે, બધા રિશ્તાઓ (સબંધો)થી વધીને ઈમાનનો રિશ્તો છે. પછી ઈમાનના મુકાબલામાં સગો બાપ હોય, તો પણ ઈમાનના રિશ્તાને અગ્રતા અને મહત્વતા આપવામાં આવશે.

મૌલા–એ–કાએનાત, હઝરત અલી રદીઅલ્લાહો તઆલા અન્હોના ઉપરોક્ત કથનને હદીષ શરીફના પ્રખર અને પ્રબળ હવાલાઓની રોશનીમાં નિહાળવા માટે વાંચક મિત્રોને હવે વિશેષ પ્રતિક્ષા નહીં કરવી પડે. ફકત એક જ પૃષ્ઠ પલટાવો અને હદીષના અરબી ઈબારતની સાથે, કિતાબોના વિશ્વસનીય પુરાવાઓ સ્વયં જ વાંચી જુઓ.

હઝરત અલીએ પોતાના વાલિદ માટે ઉચ્ચારેલા શબ્દો 'ઈન્ના – અમ્મકશ–શખદ – દાલ્લા–કદ– માતા'ની હદીષ શરીફની અસલ ઈબારત અને હદીષના આધારભૂત કિતાબોના હવાલાઓ.

"حَدَّثَنَا مُسَدَّدٌ، حَدَّثَنَا يَحْيٰى، عَنْ سُفْيَانَ، حَدَّثَنِىْ أَبُو إِسْحَاقَ، عَنْ نَاجِيَةَ بْنِ كَعْبٍ، عَنْ عَلِيٍّ، قَالَ: قُلْتُ لِلنَّبِيِّ صلى الله عليه وسلم: إِنَّ عَمَّكَ الشَّيْخَ الضَّالَّ قَدْ مَاتَ، قَالَ: اِذْهَبْ فَوَارِ اَبَاكَ"

حوالہ: "سنن أبى داود"، مؤلف: امام سليمان بن الأشعث بن ابى داؤد السِّجِسْتانى (المتوفى ۲۷۵ھ)

(۱) ناشر: اصح المطابع، دهلى، **جلد: ۲، صفحه: ۴۵۸**

(۲) ناشر: اصح المطابع، آرام باغ، كراچى (پاكستان)، **جلد: ۲، صفحه: ۴۵۸**

(۳) ناشر: جمعيّة المكنز الاسلامى، القاهره، مصر، (Printed in Germany) باب: ۷۰، حديث نمبر: ۳۲۱۶، **جلد: ۲، صفحه: ۵۵۷**

(۴) ناشر: مكتبۂ بلال، جامع مسجد، ديوبند، **جلد: ۲، صفحه: ۴۵۸**

(۵) ناشر: المكتبة العصرية، صيدا، بيروت، حديث: ۳۲۱۴، **جلد: ۳، صفحه: ۲۱۴**

(۶) ناشر: آفتاب عالم پريس، لاهور، **جلد: ۲، صفحه: ۱۰۲**

حوالہ:

”سنن النسائی“، مؤلف:أبو عبد الرحمن أحمد بن شعيب بن علی،النسائی (المتوفی۳۰۳ھ)

(۱) ناشر:مکتبۂ بلال،جامع مسجد،دیوبند،جلد:۱،صفحہ:۲۱۹

(۲) ناشر:جمعيّة المكنز الاسلامی، القاهره، مصر، (Printed in Germany) باب:۸۷،حدیث نمبر:۲۰۱۸، جلد:۱، صفحہ:۳۳۰

(۳) ناشر:مکتب المطبوعات الاسلامیة،حلب،طبع ثانی:۱۴۰۶ھ،۱۹۸۶ء،حدیث:۲۰۰۶، جلد:صفحہ:۷۹

حوالہ:

”السنن الكبرى للبيهقی“، مؤلف:امام حافظ ابی بکر أحمد بن الحسين بن علی البیهقی(المتوفی۴۵۸ھ)

(۱) ناشر:دار المعرفة،بیروت(لبنان)،جلد:۳،صفحہ:۳۹۸

(۲) ناشر:دار الکتب العلمیة،بیروت(لبنات)،طبع ثالث:۱۴۲۴ھ،۲۰۰۳ء،حدیث:۶۶۶۶،جلد:۳،صفحہ:۵۵۸

(۳) ناشر:دار صادر،بیروت(لبنان)،جلد:۳، صفحہ:۳۹۸

حوالہ:

”مسند الإمام أحمد بن حنبل“،مؤلف :أبو عبد الله أحمد بن محمد بن حنبل الشيبانی (المتوفی۲۴۱ھ)

(۱) ناشر:مؤسسة الرسالة،بیروت،طبع اول: ۱۴۲۱ھ، ۲۰۰۱ء،
حدیث:۱۰۹۳، جلد:۲،صفحہ:۳۳۲

(۲) ناشر:الکتب الاسلامی، بیروت(لبنان)،جلد:۱، صفحہ:۱۲۹، ۱۳۰

حوالہ:

”نصب الراية لأحاديث الهداية“، مؤلف:جمال الدين أبو محمد عبد الله بن يوسف بن محمد الزيلعی (المتوفی۷۶۲ھ)

(۱) ناشر:مؤسسة الريان للطباعة والنشر، بیروت (لبنان)، جلد:۲، صفحہ:۲۸۱

(۲) ناشر:النورية الرضوية پبلشنگ کمپنی،لاهور، جلد:۲، صفحہ:۲۹۰،۲۸۹

حوالہ:۔

”المصنف عبدالرزاق“،مؤلف:أبو بكر عبد الرزاق بن همام بن نافع الحميری اليمانی الصنعانی (المتوفی۲۱۱ھ)

ناشر :المجلس العلمی -الهند ،يطلب من:المكتب الإسلامی، بیروت،
حدیث:۹۹۳۶،جلد:۶،صفحہ:۳۹

ترجمہ: ”یعنی میں نے حضور اقدس ﷺ سے عرض کی: یارسول اللہ! حضور کا بوڑھا گمراہ چچا مرگیا۔فرمایا: جا،اسے دبا آ“۔(یعنی اسے زمین کے اندر دبا دے)۔

⊛ ઉપરોકત હદીષના ઉર્દૂ તર્જૂમાનો ગુજરાતી અનુવાદ ⊛

'હઝરત અલી રદીઅલ્લાહો અન્હોથી રિવાયત છે કે તેમણે કહયું કે મૈં હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ખિદમતમાં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ! હુઝૂરનો કાકો તે બુઢો ગુમરાહ મરી ગયો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે :- જા, તેને દબાવી દે. (એટલે કે જમીનની અંદર દાટી દે)'

◉ ઉપરોકત હદીષના અનૂસંધાને હદીષની જે આધારભૂત, ભરોસાપાત્ર અને વિશ્વસનીય કિતાબોના જે હવાલાઓ આપ્યા છે, તેની વિગત નીચે મુજબ છે.

▣ **'સુનને અબી દાઉદ'**	ના ૬ (છ)	એડીશનના હવાલાઓ
▣ **'સુનને નસઈ'**	ના ૩ (ત્રણ)	એડીશનના હવાલાઓ
▣ **'સુનને કુબ્રા-લિલ-બયહકી'**	ના ૩ (ત્રણ)	એડીશનના હવાલાઓ
▣ **'મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ'**	ના ૨ (બે)	એડીશનના હવાલાઓ
▣ **'નસ્બુર-રાયા'**	ના ૨ (બે)	એડીશનના હવાલાઓ
▣ **'મુસન્નફ-અદુર-રઝઝાક'**	ના ૧ (એક)	એડીશનનો હવાલોઓ
કુલ	**૧૭ (સત્તર)**	એડીશનના હવાલાઓ

ઉપરોકત કિતાબોમાંથી એક પણ કિતાબ વર્તમાન યુગના સંપાદક અથવા લેખક દ્વારા આલેખાએલી નથી, બલ્કે ઉપરોકત કિતાબોના લેખકો અને સંપાદકો ના ઈન્તેકાલના વર્ષ જોઈ ગણતરી કરશો, તો જાણવા મળશે કેઃ-

⊛ **''સુનને-અબી-દાઉદ''**ના સંપાદક :- ઈમામ સુલયમાન બિન અશઅષનો ઈન્તેકાલ સન હિજરી - ૨૭૫, માં થયો છે. જે હિસાબે તેઓના ઈન્તેકાલને કુલ **૧૧૬૫, વર્ષ** નો સમય પસાર થઈ ગયો છે.

⊛ **''સુનને નસઈ''** ના સંપાદક :- અબૂ અબ્દુર્રહમાન અહમદ બિન શોએબ બિન અલીનો ઈન્તેકાલ સન હિજરી - ૩૦૩, માં થયો છે. જે હિસાબ તેઓ ના ઈન્તેકાલને કુલ **૧૧૩૮ વર્ષ** નો સમય ગાળો પસાર થઈ ગયો છે.

⊛ **''અસ્સુનને -કુબ્રા-લિલ- બયહકી''** ના સંપાદક :- ઈમામ હાફિઝ અબુબક્ર અહમદ બિન હુસૈન બયહકી નો ઈન્તેકાલ સજ હિજરી - ૪૫૮, માં થયો છે. જે હિસાબે તેઓના ઈન્તેકાલને કુલ **૯૮૨ વર્ષ** થયા છે.

⊛ **''મુસ્નદે-ઈમામ-અહમદ-બિન-હંબલ''** ના સંપાદક :- ઈમામા અબૂ અબ્દુલ્લાહ અહમદ બિન મુહમ્મદ બિન હંબલનો ઈન્તેકાલ સન હિજરી ૨૪૧, માં થયો છે. જે હિસાબે તેઓના ઈન્તેકાલને કુલ **૧૧૯૨, વર્ષ** નો સમય પસાર થઈ ગયો છે.'

⊛ **''નસ્બુર-રાયા- લે- અહાદિષિલ - હિદાયા''** ના સંપાદક :- જમાલુદ્દીન અબૂ મુહમ્મદ અબ્દુલ્લાહ બિન યૂસુફ બિન મુહમ્મદ ઝૈલઈ નો ઈન્તેકાલ સ.હિ. ૭૬૨, માં થયો છે. જે હિસાબે તેઓના ઈન્તેકાલને કુલ **૬૭૮ વર્ષ** નો સમય થઈ ગયો છે.

⊛ **''મુસન્નફ-અબ્દુર-રઝઝાક''** ના સંપાદક :- અબુબક્ર અબ્દુર્રઝઝાક બિન હુમામ બિન નાફેઅ હુમૈરી, યમાની, સન્આની નો ઈન્તેકાલ સ.હિ. ૨૧૧, માં થયો છે. જેથી તેઓના ઈન્તેકાલને કુલ **૧૨૨૯, વર્ષ** થયા છે.

ઉપરોકત હદીષના પુરાવામાં હદીષશરીફની કુલ **૬ (છ) કિતાબો** ના જુદા-જુદા પ્રકાશકો દ્વારા પ્રગટ કરેલા કુલ **૧૭(સત્તર) એડીશનો** ના હવાલાઓ રજૂ કરવામાં આવ્યા છે. તે બધા એડીશનોના મુખપૃષ્ઠ (Title) તથા અસલ ઈબારત વાળા પેઈજની નકલ (ઝેરોક્ષ) અહીં પ્રગટ કરવી શકય ન હોય, જેથી નીચે દર્શાવેલા ફકત **૨ (બે) એડીશનો** ની નકલ વાંચક મિત્રોની સેવામાં રજૂછે.

(૧) **'અસ્સુનને - કુબ્રા - લિલ - બયહકી'** - પ્રકાશક :- દારૂલ મારેફત - બૈરૂત - (લેબનાન) - **ભાગ નં. ૩**

(૨) **'સુનને - અબી - દાઉદ'** - પ્રકાશક :- અસહહુલ - મતાબેઅ - દિલ્હી, **ભાગ નં. ૨**

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''સુનને કુબ્રા'' જિલ્દ નં. ૩ નો ટાઈટલ પેઈજની ઝેરોક્ષ નકલ :-

السنن الكبرى

للإمام المحدثين الحافظ أبي بكر أحمد بن الحسين
ابن علي البيهقي ٤٥٨ هـ

وفي ذيله

الجوهر النقي

للعلامة علاء الدين علي بن عثمان المارديني
الشهير بابن التركماني المتوفى ٧٤٥ هـ

وبذيله

فهرس الأحاديث

الجزء الثالث

دار المعرفة
بيروت - لبنان

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''સુનને કુબ્રા'' જિલ્દ નં. ૩ ની ઈબારતના પેઈજ નં. ૩૯૮ ની ઝેરોક્ષ નકલ :-

﴿ وأخبرنا ﴾ أبو عبد الله الحافظ وأبو بكر بن الحسن القاضي قالا ثنا أبو العباس محمد بن يعقوب ثنا أبو زرعة الدمشقي ثنا أحمد بن خالد ثنا محمد بن إسحق عن يحيى بن عباد بن عبد الله بن الزبير عن أبيه عن عائشة رضي الله عنها قالت لو كنت استقبلت من الأمر ما استدبرت ما غسل النبي صلى الله عليه وسلم غير نسائه ... وجماعة قد صحت ... ولا يختلف الأمر ما يجوز ه

﴿ باب المسلم يغسل ذا قرابته من المشركين ويتبع جنازته ويدفنه ولا يصلي عليه ﴾

﴿ أخبرنا ﴾ أبو علي الروذباري أنبأ عبد الله بن عمر بن أحمد بن شوذب المقرئ بواسط ثنا شعيب بن أيوب ثنا الفضل بن دكين عن سفيان عن أبي إسحق عن ناجية بن كعب عن علي رضي الله عنه قال أتيت النبي صلى الله عليه وسلم فقلت إن عمك الشيخ الضال قد مات فمن يواريه قال اذهب فواره ولا تحدثن حدثا حتى تأتيني فأتيته فقلت له فأمرني فاغتسلت ثم دعا لي بدعوات ما يسرني ما على الأرض بهن من شيء ه وذكر أبو داود في المراسيل عن عمرو بن عثمان عن بقية عن محمد بن عوف عن أبي المغيرة كلاهما عن صفوان عن أبي اليمان الهوزني قال لما توفي أبو طالب خرج رسول الله صلى الله عليه وسلم يعارض جنازته قال ابن عوف فجعل يمشي عبابته وهو يقول وصلتك رحم (١) وجزيت خيرا أي عم وفي رواية (عمرو) أخبرناه أبو بكر محمد بن محمد أنبأ أبو الحسين الفسوي ثنا أبو علي اللؤلؤي ثنا أبو داود فذكره ه

﴿ أخبرنا ﴾ أبو نصر بن قتادة أنبأ أبو منصور النضروي ثنا أحمد بن نجدة ثنا سعيد بن منصور ثنا سفيان عن أبي إسحاق عن سعيد بن جبير قال جاء رجل إلى ابن عباس فقال إن أبي مات نصرانيا فقال اغسله وكفنه وحنطه ثم ادفنه ثم قال (ما كان للنبي والذين آمنوا أن يستغفروا للمشركين ولو كانوا أولي قربى) الآية ه

﴿ باب من أمر بالغسل من غسل الميت ﴾

﴿ أخبرنا ﴾ أبو عبد الله الحافظ وأبو سعيد بن أبي عمرو قالا ثنا أبو العباس محمد بن يعقوب ثنا الربيع بن سليمان ثنا ابن وهب عن سليمان بن بلال عن عمرو مولى المطلب عن عكرمة عن ابن عباس رضي الله عنه قال ليس عليكم في ميتكم غسل إذا غسلتموه ه وروينا في ذلك عن عطاء وسعيد بن جبير عن ابن عباس ه وروينا من وجه آخر عن عطاء عن ابن عباس مرفوعا لا تنجسوا موتاكم فإن المسلم ليس بنجس حيا ولا ميتا ه وروينا في ذلك عن سعد بن أبي وقاص وابن عمر وابن مسعود وعائشة وقد مضى جميع ذلك في كتاب الطهارة ه

﴿ باب المرأة تموت مع الرجال ليس معهم امرأة ﴾

﴿ أخبرنا ﴾ أبو بكر محمد بن محمد بن أحمد أنبأ أبو الحسين عبد الله بن إبراهيم ثنا أبو علي محمد بن أحمد اللؤلؤي ثنا أبو داود ثنا هارون بن عباد ثنا أبو بكر يعني ابن عياش عن محمد بن أبي سهل عن مكحول قال قال رسول الله صلى الله عليه وسلم إذا ماتت المرأة مع الرجال ليس معهم امرأة غيرها والرجل مع النساء ليس معهن رجل غيره فإنهما ييممان ويدفنان وهما بمنزلة من لا يجد الماء هذا مرسل وروي عن سنان بن غرفة (٢) عن النبي صلى الله عليه وسلم في الرجل يموت مع النساء والمرأة تموت مع الرجال ليس لواحد منهما محرم تيممان بالصعيد ولا يغسلان ه

---

(١) قال — وصلتك رحم ١٢ (٢) هو صحابي قال صاحب الإصابة غرفة بفتح المعجمة والراء والفاء كذا ضبطه ابن مفرج في كتاب ابن السكن قال ابن عون ورأيته في نسخة من كتاب ابن السكن بكسر المهملة ١٢

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''સુનને અબી દાઉદ'' જિલ્દ નં. ૨ નો ટાઇટલ પેઈજની ઝેરોક્ષ નકલ :-



انما يخشى الله من عباده العلماء

سنن ابي داود

وفي آخره اقصى غايات المقصود كانما الدر المنضود

اعني

مراسيل ابي داود

للشيخ الحافظ الحجة الرحلة الامام الناقد سليمان بن الاشعث ابي داود السجستاني رحمه الله وكان اشد اعتناءً بالمراسيل وهو اول من صنف فيها وكان مراسيله اول المراسيل

ومع حاشية انيقة للمحدث الكبير محمد حياة السنبهلي مؤسس جامعة حياة العلوم بمراداباد بكمال الجهد في التصحيح والتحلي بتعليقات جديدة ... الاعتناء بزيادة مكتوب من صاحب السنن الى اهل مكة ... الفضلاء محتوية على ما يتعلق بتفاصيل المراسيل وصحة الاحتجاج بها عند العلماء

طبع على نفقة اصحاب المكتبة الرشيدية بدهلي كما طبع في اصح المطابع (الهند) بدهلي

હવાલામાં રજૂ કરેલ ''સુનને અબી દાઉદ'' જિલ્દ નં. ૨ ની ઈબારતના પેઈજ નં. ૪૫૮ ની ઝેરોક્ષ નકલ :-



كتاب ۴۵۸ الجنائز

ذلك المكان حدثنا القعنبي نا عبد العزيز بن محمد عن سعد يعني ابن سعيد عن عمرة بنت عبد الرحمن عن عائشة ان رسول الله صلى الله عليه وسلم قال كسر عظم الميت ككسره حيا باب في اللحد حدثنا اسحاق بن اسمعيل نا حكام بن سلم عن علي بن عبد الاعلى عن ابيه عن سعيد بن جبير عن ابن عباس رضي الله عنهما قال قال رسول الله صلى الله عليه وسلم اللحد لنا والشق لغيرنا باب كم يدخل القبر حدثنا احمد بن يونس نا زهير نا اسمعيل بن ابي خالد عن عامر قال غسل رسول الله صلى الله عليه وسلم علي والفضل واسامة بن زيد وهم ادخلوه قبره وقال وحدثني مرحب او ابن ابي مرحب انهم ادخلوا معهم عبد الرحمن بن عوف فلما فرغ علي قال انما يلي الرجل اهله حدثنا محمد بن الصباح بن سفيان انا سفيان عن ابن ابي خالد عن الشعبي عن ابي مرحب ان عبد الرحمن بن عوف نزل في قبر النبي صلى الله عليه وسلم قال كاني انظر اليهم اربعة باب كيف يدخل الميت قبره حدثنا عبيد الله بن معاذ نا ابي نا شعبة عن ابي اسحاق قال اوصى الحارث ان يصلي عليه عبد الله بن يزيد فصلى عليه ثم ادخله القبر من قبل رجلي القبر وقال هذا من السنة باب كيف يجلس عند القبر حدثنا عثمان بن ابي شيبة نا جرير عن الاعمش عن المنهال بن عمرو عن زاذان عن البراء بن عازب قال خرجنا مع رسول الله صلى الله عليه وسلم في جنازة رجل من الانصار فانتهينا الى القبر ولم يلحد بعد فجلس النبي صلى الله عليه وسلم مستقبل القبلة وجلسنا معه باب في الدعاء للميت اذا وضع في قبره حدثنا محمد بن كثير قال انا ح وحدثنا مسلم بن ابراهيم نا همام عن قتادة عن ابي الصديق عن ابن عمر ان النبي صلى الله عليه وسلم كان اذا وضع الميت في القبر قال بسم الله وعلى سنة رسول الله صلى الله عليه وسلم هذا لفظ مسلم باب الرجل يموت له قرابة مشرك حدثنا مسدد نا يحيى عن سفيان حدثني ابو اسحاق عن ناجية بن كعب عن علي قال قلت للنبي صلى الله عليه وسلم ان عمك الشيخ الضال قد مات قال اذهب فوار اباك ثم لا تحدثن شيئا حتى تاتيني فذهبت فواريته وجئته فامرني فاغتسلت ودعا لي باب في تعميق القبر حدثنا عبد الله بن مسلمة القعنبي ان سليمان بن المغيرة حدثهم عن حميد يعني ابن هلال عن هشام بن عامر قال جاءت الانصار الى رسول الله صلى الله عليه وسلم يوم احد

'હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ માટે પ્રાણ ન્યોછાવર કરવાનો, તરફેણ, પાલન પોષણ, હમદર્દી, રક્ષા, મદદ, લાગણી અને પ્રેમનો જનાબ અબૂ તાલિબનો પુરજોશ જઝબો'

એ નકકર વાસ્તવિકતામાં લેશમાત્ર શંકાને સ્થાન નથી કે જનાબ અબૂ તાલિબે જીવન પર્યંત **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની સુરક્ષા, સહાય, તરફેણ, પાલન પોષણ, સહકાર, લાગણી, પ્રેમભાવ અને આત્મીયતાની ભાવનામાં મગ્નબનીને હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પ્રત્યેની વાત્સલ્ય, ચાહત, લાગણી અને ન્યોછાવર ભાવના એટલી હદે વ્યકત કરીને આપના પ્રત્યે પ્યાર અનેમહોબ્બતનું જે આચરણ કરેલું, ભાગ્યે જ કોઈ વ્યકિત આવું વર્તન પોતાના આપ્તજનો સાથે કરી દર્શાવે. ત્યાં સુધી કે પોતાના સંતાનોથી વધુ પ્રિય **હુઝૂરે અકદસ**ને બનાવ્યા અને રાખ્યા. જે કપરા સમયમાં સમગ્ર લોકો અને મુખ્યત્વે 'કૌમે કુરૈશ' **હુઝૂરે અકદસ**ના કટટર શત્રુ, જાની દુશ્મન અને લોહીના પ્યાસા બનીને પ્રાણ હણવા સુધી હદે તત્પર બની ગએલા, તેવા કઠીન સમયે જનાબ અબૂ તાલિબે ઢાલ બનીને સુરક્ષા કવચ પુરૂ પાડીને પોતાનું ખુલ્લુ સમર્થન અને સહાય કરવામાં કશીકચાશ નહોતી રાખી. હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પ્રત્યેની સદભાવનાના પરિણામ સ્વરૂપે પોતાના આપ્તજનો, પરિવારના સભ્યો, શુભેચ્છકો, મિત્રો અને અન્ય સબંધીઓની નારાજગી, નફરત, વિરોધ, તકરાર, કજિયો અને શત્રુતા વહોરી લીધી પણ આપના પ્રત્યે ની અનુકંપા અને સહાનુભૂતિમાં ઓટ આવવા દીધી નહીં. કેમકે તેઓ ખાત્રીપૂર્વક જાણતા હતા કે **હુઝૂરે અકદસ, અફઝલુલ મુરસેલીન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ અલ્લાહ તાઆલાના સાચા રસૂલ છે. તેઓના કસીદા (કાવ્ય)નો એક શેઅર જે તેમણે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની શાનમાં લખ્યો છે અને તે શેઅર બુખારી શરીફમાં પણ વર્ણનીય છે તે અત્રે રજૂ છે :-

'વ-અબ્યદો-યસ્તસ્કીલ-ગમામો-બે-વજહેહિ
ષમાલુલ-યતામા - અસ્મતુન-લિલ-અરામિલે'

(હવાલો :- **'બુખારી શરીફ'**, પ્રકાશક :- કદીમી કુતુબખાના - કરાંચી, જિલ્દ - ૧, પેઈજ નં. ૧૩૭)

-: શેઅરનો ગુજરાતી અનુવાદ :-

''તે સફેદ (ગોરા) રંગવાળા જેમના પ્રકાશિત ચેહરાના સદકામાં વરસાદ વર્ષે છે, યતીમોના આશરા અને વિધવાઓનું ધ્યાન રાખનારા''

- **મુહમ્મદ બિન ઈસ્હાક તાબઈ** કે જેઓ પ્રખર ઈતિહાસકાર અને જીવનવૃતાંત સંપાદક તરીકે મશ્હૂર અને નામાંકિત છે. તેમણે જનાબ અબૂતાલિબ નો ઉપરોકત વર્ણનીય કસીદો નકલ કર્યો છે. આ કસીદામાં કુલ **એકસો, દસ (૧૧૦)** શેઅરો **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની શાન અને તારીફમાં લખ્યા છે.
- **શયખ મુહક્કિક શાહ અબ્દુલ હક** મુહદ્દિષ દહેલ્વી કુદ્દેસા સિર્રહુ આ કસીદાના અનુસંધાને ફરમાવે છે કે :-

'આ કસીદો અબૂ તાલિબની રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પ્રત્યે ના અપાર પ્રેમ અને આપની નબુવ્વતની અત્યંત જાણકારીનો પુરાવો પૂરો પાડે છે.'

(હવાલો :- **'શર્હે સફરૂસ્સઆદત'**, પ્રકાશક :-મકતબા નૂરિયા રઝવીયાહ, સખ્ખર (પાકિસ્તાન) **પેઈજ નં. ૨૪૯**)

હુઝૂરે અકદસ ની મહોબ્બત અને હિમાયત ની અજીબ ઘટના'

હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે જયારે એલાને નબુવ્વત અને જાહેરમાં ઈસ્લામની દા'વત આપવાનું શરૂ કર્યું, ત્યારે કૌમે-કુરૈશના ઉચ્ચ અને અમીર ખાનદાનના સામાજિક મોભો ધરાવનારા આગેવાનો ભેગા થયા અને ચર્ચા-વિચારણાના અંતે બધા સાથે મળીને **જનાબ અબૂ તાલિબ** ની ખિદમતમાં હાઝિર થયા અને પોતાની સાથે સમગ્ર મુલ્કે હિજાજનો સૌંદર્યવાન, નાઝુક, નમણો, રૂપાળો અને દેખાવડો કુમાર અવસ્થાનો છોકરો કે જેનું નામ **અમ્મારા બિન વલીદ** હતુ તેને સાથે લઈ ગયા અને જનાબ અબૂ તાલિબથી વિનંતી કરી કે અરબનો સૌથી સોહમણો યુવાન અમ્મારા બિન વલીદને અમારી પાસેથી લઈ લો અને તેના બદલામાં અમને તમારા ભત્રીજા મુહમ્મદ ને આપી દો. (સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ).

કુરૈશે. મકકાના આ પ્રસ્તાવ (Purpose) નો જનાબ અબૂ તાલિબે જે સણસણતો જવાબ આપ્યો, તે જવાબ વાસ્તવમાં સોના (Gold) ના અક્ષરોથી લખવા લાયક છે. જવાબ વાંચો :-

- **વલ્લાહે - લ-બેઅસા - મા - તસૂમૂની**
  અ-તઅ-તૂનની - ઈબ્નકુમ - અગઝૂહો - લકુમ
- **વ-અઅતીકુમ - ઈબ્ની - તકતોલૂન-હૂ**
  હાઝા-વલ્લાહે - મા- લા- યકૂનો - અબદન

(હવાલો :- **'શર્હુલ-મતાલિબ - ફી - મબ્હષે - અબી - તાલિબ'** પ્રકાશક :- મુસ્લેહુદ્દીન પબ્લીકેશન્સ - કરાંચી (પાકિસ્તાન) **પેઈજ નં. ૪૪**)

-: શેઅરનો ગુજરાતી અનુવાદ :-

''ખુદાની કસમ! કેવી ખરાબ સોદાબાજી (Deal) **મારી સાથે કરવા ઈચ્છો છો? શું તમો એવું ઈચ્છો છો કે તમો તમારો બેટો મને આપી દો, જેથી તેને ખવડાવી-પીવડાવીને તમારા માટે તેનું પોષણ** (Nourishment) **કરૂં અને હૂં તમને મારો દિકરો તમોને સોંપી દઉં કે જેથી તમો તેનો વધ કરી નાખો. ખુદાની કસમ! આ કયારેય પણ નહીં બની શકે.''**

પણ... અફસોસ... કાશ...

ફકત આ બધી બાબતોથી ઈમાન પુરવાર નથી થતું. કાશ ! આ બધા સદકાર્યો અને કથનો તેઓ દ્વારા જો ઈમાનની હાલતમાં અસ્તિત્વમાં આવ્યાહોત, તો જનાબ અબૂતાલિબનો મરતબો અને દરજ્જો **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ **બે (૨)** મહાન સહાબી કાકાઓ **(૧) સય્યેદુશ્શોહદા હઝરત હમ્ઝા** અને **(૨) હઝરત અબ્બાસ થી પણ ઝાહેરન અફઝલ હોત. બલ્કે તેઓ 'અફઝલુલ-અઅમામે-હુઝૂર અફઝલુલ-અનામ' એટલે કે સમગ્ર જીવસૃષ્ટિથી સર્વોચ્ચ હુઝૂરે અકદસ ના સર્વોચ્ચ કાકા તરીકે તેઓ પસિધ્ધી પામત.**

પણ...

તકદીર કે જેના ભેદ અને રહસ્યની જાણકારી અલ્લાહ તઆલા અને તેના પ્યારા **મહેબૂબ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને છે, તે તકદીરને મન્જૂર નહોતું કે જનાબ અબૂ તાલિબની ગણતરી ઈમાનવાળા નબીના ગુલામોમાં થાય. કેમકે જીવંત પર્યંત **હુઝૂરે અકદસ**ની મહોબત નો દમ ભરતા રહયા અને જયારે ઈન્તેકાલ નો સમય આવ્યો ત્યારે તેનું જ કહેવું સ્વકાર્યુ નહીં કે જેની મહોબ્બતના મતવાલા બની ને સમગ્ર જીવન પસાર કરી નાખ્યો. જેની મહોબ્બતના તકાઝા પૂરા કરવામાં કોઈ કમી નહોતી રહેવા દીધી, તે ઝાતે ગિરામી અલ્લાહ ના રસૂલ સ્વંય ઈન્તેકાલના સમયે તશરીફ લાવીને પ્રેમાળ કાકા ને **'લા-ઈલાહા-ઈલલ્લાહો'**નો કલ્મો પઢીને ઈસ્લામ અંગિકાર કરવાનો વારંવાર આગ્રહ કર્યો, તો કલ્મો પઢવાનો સાફ ઈન્કાર કરી દીધો અને કહયું કે જો હું ઈસ્લામ સ્વીકાર કરીશ, તો કૌમેકુરૈશના લોકો મને મહેણાં-ટોણા મારશે કે મોતની તકલીફથી ગભરાઈ જઈને મુસલમાન બની ગયો. જો આ બાબત અવરોધરૂપ ન હોત, તો હૂં કલ્મો પઢીને હુઝૂરને ખુશ કરી દેત.

જનાબ અબૂ -તાલિબે ઈસ્લામ સ્વીકાર કર્યો નહીં, તેમાં અલ્લાહની શું હિકમત હતી ?

અરબ પ્રજાની સંસ્કૃતિમાં એ વાત સૈકાઓથી પ્રચલિત હતી કે, અગર કોઈ કુરૈશી ખાનદાનની વ્યકિત કોઈને અમાન એટલે કે પનાહ એટલે આશરો આપવો, એટલે કોઈ વ્યકિત એવું જાહેર (ઐલાન) કરી દે કે ફલાણો માણસ મારી અમાન (પનાહ)માં છે, તો તે માણસ લોકોના ત્રાસ, રંજાડ, પજવણી, જુલમ કે અન્ય અત્યાચાર થી સુરક્ષિત થઈ જતો. તેની પજવણી કે મારઝુડ કરનારા ને એ વાતનો ડર રહેતો આ માણસ તો ફલાણી વ્યકિતની અમાન (પનાહ)માં છે અને જો હું તેને રંજાડીશ તો સામાજિક લેવલે મારા વિરૂધ્ધ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે. જેથી તે શખ્સને રંજાડનારો સો (૧૦૦) વખત વિચાર્યા બાદ જ કોઈ જાતનું વર્તન કરતો. જે શખ્સને અમાન (પનાહ) આપવામાં આવી હોય છે, તેના માટે પનાહ ઢાલ અને બખ્તર (Shield and Armour) નું કવચ અને સુરક્ષા પુરી પાડી ને, તેને નિર્ભય, ભયમુકત, નિચિંત અને સુરક્ષિત બનાવી દેતી.

હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સાથેનું **જનાબ અબૂ તાલિબ** નું પ્રેમાળ વર્તન, સ્નેહ, લાગણી, તરફેણ, પ્રેમ, સદભાવના અને ઉષ્મા જગ જાહેર હતી. જનાબ અબૂ તાલિબ કૌમે કુરૈશના સરદારો પૈકી ના એક સરદાર હતા. જેથી તેઓ દ્વારા આપવામાં આવેલી પનાહ (અમાન)ને કોઈ પણ ઉથાપી, ઉલ્લંઘી કે અવગણીને તેની વિરૂધ્ધ આચરણ કરતા થરથર કાંપતો હતો. **હુઝૂર અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઈસ્લામના ઉદયકાળમાં જનાબ અબૂ તાલિબની અમાનમાં હતા. જનાબ અબૂતાલિબ વિરોધીઓના ઝુલ્મો-સિતમ અને પજવણી થી **હુઝૂરે અકદસ**ની રક્ષા કરતા હતા. સ્વયં પોતાના એક શેઅરમાં સમગ્ર કુરૈશે મકકાને લલકારીને ત્યાં સુધી પડકાર ફેંકે છે કે:-

◙ **વલ્લાહે - લંય-યસ્લૂ - ઈલયકા - બે - જમએહિમ**
હત્તા - ઊસદા -ફીત - તુરાબે - દફીના

(હવાલો :- **'નસીમુર - રિયાઝ'**, પ્રકાશક :- દારૂલ મારેફત - બૈરૂત - લેબનૌન, **જિલ્દ નં. ૧, પેઈજ નં. ૨૧૦**)

-: શેઅરનો ગુજરાતી અનુવાદ :-

'ખુદાની કસમ! સમગ્ર કુરૈશ એકઠા (ભેગા) થઈ જાય, તો પણ હુઝૂર સુધી નહી પહોંચી શકે, જયાં સુધી હૂં માટી માં ધરબીને દફન કરી દેવામાં ન આવું'

જેથી જ....

જો, તેઓ ઈસ્લામ અંગિકાર કરીને મુસલમાન બની ગયા હોત, ધર્મ વિરૂધ્ધતાના વિવાદ અને વિરોધના કારણે તેઓની અમાન નામશેષ થઈ જાત, કુદરતે ઈલાહી અને ખુદાની મરજીએ હતી કે અબૂતાલિબની અમાન સમૂળું નાશ ન પામે અને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ તેઓની પનાહ અને અમાનના કારણે સુરક્ષિત અને નિર્ભય રહે.

એ હકીકતમાં પણ લેશમાત્ર શંકા ને સ્થાન નથી કે જયાં સુધી જનાબ અબૂ તાલિબ હયાત હતા, મકકાના કાફિરોમાં એટલી હિમ્મત નહોતી કે તેઓ જનાબ અબૂ તાલિબના ભત્રીજા ઉપર કોઈપણ પ્રકારનું આક્રમણ, અશોભનીય આચરણ કે નીંદનીય વર્તન કરે, પણ જયારે જનાબ અબૂ તાલિબનો ઈન્તેકાલ થયો, તો તેઓના અવસાન પછી કુરૈશે મકકા માટે તેમની અમાન અને પનાહ અવરોધ કે અડચણ રૂપે બાકી ન રહી, જેથી તેઓએ **હુઝૂર** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની પજવણી, ઝુલ્મો સિતમ અને અત્યાચારોનો વિપુલ પ્રમાણમાં દુરૂપયોગ કર્યો. ત્યાં સુધી કે આપને શહીદ કરી દેવાનું ષડયંત્ર અને કાવત્રું રચ્યું. પરિણામ સ્વરૂપે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને અલ્લાહ તઆલાના આદેશને અનૂસરીને **મકકા–મોઅઝઝમા** થી હિજરત કરીને **મદીના–મુનવ્વરા** માં સ્થાયી થવુ પડયું.

જનાબ અબૂ-તાલિબનો ઈન્તેકાલ **ઐલાને નબુવ્વતના દસમા (૧૦) વર્ષે**, શવ્વાલ મહિનાના મધ્યે થયું, એટલે કે **હિજરતના ત્રણ (૩) વર્ષ પહેલા** થયું. ત્યારે તેઓની ઉમર (વય) સિત્યાંસી (૮૭) વર્ષની હતી અને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ત્યારે ઉમ્રે-શરીફ ૪૯, વર્ષ, ૮, મહિના અને ૧૧, દિવસ ની હતી. (Fourty nine (49) years, Eight (8) Month, Eleven(11) days)

(હવાલો :- 'મદારેજુન્નબુવ્વત' (ઉર્દુ અનુવાદ) - લેખક :- **શૈખ મુહક્કિક શાહ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી,** પ્રકાશક :- અદબી દુનિયા - દિલ્હી, **ભાગ નં. ૨, પેઈજ નં. ૭૭**)

–: મહત્વનો પ્રશ્ન :–

હવે અહીં એક મહત્વનો સવાલ ઉપસ્થિત થાય છે કે જનાબ અબૂ તાલિબે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને બહુ જ સારી રીતે ઓળખીને જાણી લીધેલું કે, તેઓ **અલ્લાહ તઆલા** ના સાચા રસૂલ છે. તેઓ જે કંઈપણ ફરમાવે છે, તે સત્ય જ છે. કૌમે કુરૈશને સંબોધીને કહેતા કે એ મારી કૌમ! ખુદાની કસમ! તમો સારી રીતે જાણો છો કે **મુહમ્મદે** (સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ) કદી પણ એક વાકય અસત્ય નથી કહયું, પોતાના શેહઝાદા, લખ્તે જીગર **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોને વસીયતરૂપે સલાહ અને આદેશ આપતા કે **હુઝૂર અકદસ**ના અનુયાયી, સમર્થક અને આજ્ઞાંકિત બનીને રહેજો, કેમ કે તેઓ હક (સચ્ચાઈ)ને જ વરેલા છે. આ લાગણી, સમર્થન અને ખુલ્લો ટેકો નિઃશંક હતો. **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને સાચા જાણતા હતા. પણ **જાણવા** અને **માનવામાં** આકાશ-ધરતીથી પણ વિશેષ તફાવત છે. કેમ કે જનાબ અબૂ તાલિબ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના દીન (ધર્મ)ને સત્ય ચોકકસ પણે જાણતા હતા પણ જાણવા છતાં સ્વંય ઈસ્લામમાં દાખિલ થયા નહીં. બલ્કે ઝિંદગીભર પોતાના પૂર્વજોના બાતિલ દીન (અધર્મ)ને જ ચીટકી રહયા. ત્યાં સુધી કે જયારે તેઓના ઈન્તેકાલનો સમય આવ્યો, ત્યારે **હુઝૂર અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સ્વયં તેઓની પાસે તશરીફ લાવ્યા. એવી આશા લઈને **હુઝૂરે અકદસ** તશરીફ લાવેલા કે કદાચ તેઓ દીને (ધર્મ) ઈસ્લામ અંગિકાર કરી લેશે. બલ્કે તેઓ ઈસ્લામનો સ્વીકાર કરીને મુસલમાન બની જાય તેવી **હુઝૂરે અકદસ** ની દિલી ખ્વાહિશ, આરઝૂ, તમન્ના અને તીવ્ર ઈચ્છા હતી. પોતાના માયાળૂ કાકા ના ઈસ્લામ સ્વીકારની ઈચ્છામાં શકય બધા પ્રયત્નો કરી જોયા પણ પ્યારા ચાચા **ટસના મસ** ન થયા અને કલમો પઢવાનો ઈન્કાર કરી દીધો. તકદીર (પ્રારબ્ધ)માં જે લખ્યું હતું, તે અવરોધ બનીને વચ્ચે આવ્યું અને **હુઝૂરે અકદસે** તીવ્ર સ્વરૂપે જે ઈચ્છેલું એટલે માયાળૂ કાકાના ઈસ્લામ સ્વીકારની તમન્ના પૂરી ન થઈ. કેમ કે તકદીર આડે આવી અને તેની સામે ન ઈચ્છા ચાલે છે, કે ન કોઈ બહાનું.

જયારે આપણે જનાબ અબૂ તાલિબની **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની લાગણી, પ્રેમભાવ, સમર્થન, સુરક્ષા, પાલન પોષણ, હિમાયત અને અન્ય સેવાઓનું સરવૈયુ કાઢીએ છીએં, ત્યારે વાસ્તવમાં દિલમાંથી આહ નિકળી જાય છે. ચક્ષુઓથી અશ્રુબિંદુ સરી પડે છે અને ઊંડો નિસાસો નિકળી જાય છે કાશ ! અબૂ તાલિબે પોતાના ઈન્તેકાલના સમયે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું કહયું માની લીધું હોત, તો **હુઝૂરે અકદસ** સાથેનું તેઓનું સદવર્તન, સેવાઓ,

મહોબ્બત, ઉલ્ફત, હિફાઝત, કિફાલત, હિમાયત તથા અન્ય ખિદમતો ઉપર **ચાર ચાંદ નહીં બલ્કે હજારો ચાંદ લાગી જાત** પણ શું થાય ? તે થઈ ને જ રહયું જે મન્ઝૂરે ઈલાહી હતું. **વહી હોતા હૈ, જો મન્ઝૂરે ખુદા હોતા હૈ.**

જનાબે અબૂ તાલિબની ઝિંદગીભરની નૈકીઓ ઉપર જીવનની અંતિમ ક્ષણોમાં અબૂ જહલ અને અબ્દુલ્લાહ બિન ઉમય્યા જેવા **નબીના કટ્ટર શત્રુઓ** એ પાણી ફેરવી દીધું અને તેઓની નૈકીઓની સંપતિનો અમૂલ્ય ખજાનો જે ભાગ્યે જ કોઈને પ્રાપ્ત થાય છે, તે અમુલ્ય ખજાનો ગુમરાહીના ઘૂંઘવતા અને ઉછાળા મારતા સમુદ્રના મોજાની એક જ થપાટમાં તણાઈ ગયો અને જનાબ અબૂ તાલિબ એવું કહી બેઠા કે જેની કલ્પના જ ન કરી શકાય. અંતિમ સમયે જયારે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો ઐહે વસલ્લમે તેઓને **'લા-ઈલાહા-ઈલ્લલ્લાહ'** નો કલ્મો શરીફ પઢવાનું કહયું બલ્કે અનેક વખત આગ્રહ કર્યો, ત્યાં સુધી આપે ફરમાવ્યું કે એ કાકા! કલ્મો પઢી લો, તમારા ઈમાનની **અલ્લાહ તઆલા** ની સમક્ષ સાક્ષી પૂરીશ. પણ ત્યાં ઉપસ્થિત નબીના કટ્ટર દુશ્મનો એ **હુઝૂરે અકદસ** ના ઈમાન અને ઈસ્લામ સ્વીકારના પ્રસ્તાવ વિરૂધ્ધ જનાબ અબૂ તાલિબ ને બહેકાવ્યા કે અબૂ તાલિબ! શું તમે તમારા પૂર્વજોના દીન (ધર્મ)ને તજીને વિચલીત થાઓ છો?

હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પોતાના પ્યારા ચાચાને કલ્મો પઢવાનો સતત આગ્રહ કરતા રહયા અને તે બન્ને નબીના દૂશ્મનો વારંવાર પૂર્વજોના ધર્મ તજી દેવાની વાતનું પુનરાવર્તન કરતા રહયા. પણ આહ! અફસોસ! કે જનાબ અબૂ તાલિબે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ વાતનો સ્વીકાર કર્યો નહીં અને **કલ્મો પઢવાનો ઈન્કાર કરી દીધો અને ફાની દુનિયાથી અલવિદા થઈ ગયા.** જનાબ અબૂ તાલિબે કલ્મો પઢયા વગર, એટલે કે ઈસ્લામમમાં દાખિલ થયા વગર, એટલે કે મુસલમાન થયા વગર **દુનિયા થી ચલ બસે.** ઈસ્લામનો અસ્વીકાર કરીને બિનઃ મુસ્લિમ જ રહીને દુનિયાથી ચાલ્યા ગયા અને કદી પૂરી નશકાય, તેવું સ્વંયનું જ નુકશાન કરતા ગયા. કેમ કે કલ્મો પઢવાના સદકા અને તુફૈલમાં તેઓની ઝિન્દગીભરની નૈકીઓ સ્વીકૃત બનીને તેના પુરસ્કાર રૂપે જે ફઝીલતો, મરતબાઓ, અનુકૂળતાઓ, પ્રસન્નતાઓ, સુખો, લાભો, ફાયદાઓ, રહેમતો, અઝમતો પ્રાપ્ત થવાની હતી, તેનાથી વંચિત બનીને દુનિયાથી ગયા. આહ !કેટલા દુખ અને વિષાદની અકલ્પનીય ઘટના છે, જેના ઈસ્લામ સ્વીકારથી આજે પણ છાતી ફુલાવી ગર્વના હિલોળા અને ઉછાળા લેત, તેમણે નિરાશ કર્યા. કેમ કે પ્રારબ્ધ (તકદીર)નું લખેલું, થઈને જ રહયું.

આ પ્રસંગે એક હદીષ શરીફ જે વિષયને અત્યંત અનૂરૂપ છે. તે વાંચકોની દુઃખની લાગણી હળવી કરી સાંત્વનના ઔષધરૂપે અત્રે રજૂ છે. :-

તકદીરનું લખેલું થઈને જ રહે છે. ઝિન્દગીભર જન્નતી કામ કરનાર પણ અંતે જહન્નમી બની જાય છે. આ વાસ્તવિકતાને સ્પષ્ટ સ્વરૂપે વર્ણન કરનારી

હદીષ શરીફ

"فَوَالَّذِى لاَ إِلَهَ غَيْرُهُ إِنَّ أَحَدَكُمْ لَيَعْمَلُ بِعَمَلِ أَهْلِ الجَنَّةِ حَتَّى مَا يَكُونُ بَيْنَهُ وَبَيْنَهَا إِلَّا ذِرَاعٌ ثُمَّ يَسْبِقُ عَلَيْهِ الكِتَابُ فَيُخْتَمُ لَهُ بِعَمَلِ أَهْلِ النَّارِ فَيَدْخُلُهَا."

حوالہ:

"صحیح البخاری"، مؤلف: محمد بن إسماعيل أبو عبدالله البخاری(المتوفی ٢٥٦ھ)

(۱) ناشر: مجلس البرکات الجامعة الاشرفية، مبارکپور، (یو پی)، **جلد: ٢، صفحه: ١١١١**

(٢) ناشر: جمعيّة المكنز الاسلامی، القاهره، مصر، (Printed in Germany)، باب: ٢٨، حديث: ٧٥٤٤، **جلد: ٣، صفحه: ١٥٠٧**

(٣) ناشر: دار طوق النجاة (مصر)، حديث: ٣٣٣٢، طبع اول: ١٤٢٢ھ، **جلد: ٤، صفحه: ١٣٣**

(٤) ناشر: قديمی کتب خانه، کراچی(پاکستان)، **جلد: ٢، صفحه: ١١١٠**

”صحیح مسلم“، مؤلف: مسلم بن الحجاج أبو الحسن القشیری النیسابوری (المتوفی ۲۶۱ھ)

(۱) ناشر: جمعیّة المکنز الاسلامی، القاھرہ، مصر، (Printed in Germany)، باب: ۱، حدیث: ۶۸۹۳، **جلد: ۲، صفحہ: ۱۱۱۸**

(۲) ناشر: مکتبہ بلال، جامع مسجد، دیوبند، **جلد: ۲، صفحہ: ۳۳۲**

(۳) ناشر: داراحیاء التراث العربی، بیروت (لبنان)، حدیث: ۲۶۴۳، **جلد: ۴، صفحہ: ۲۰۳۶**

(۴) قدیمی کتب خانہ، کراچی (پاکستان)، جلد: ۲، صفحہ: ۳۳۲

”سنن الترمذی“، مؤلف: امام ابی عیسیٰ محمد بن عیسی بن سَوْرة الترمذی، (المتوفی ۲۷۹ھ)

(۱) ناشر: مکتبہ بلال جامع مسجد، دیوبند، **جلد: ۲، صفحہ: ۳۵**

(۲) ناشر: جمعیّة المکنز الاسلامی، القاھرہ، مصر، (Printed in Germany)، باب: ۴، حدیث: ۲۲۸۴، **جلد: ۲، صفحہ: ۵۵۰**

(۳) ناشر: دار الغرب الإسلامی، بیروت (لبنان)، حدیث: ۲۱۳۷، **جلد: ۴، صفحہ: ۱۴**

ترجمہ:

”قسم اللہ کی جس کے سوا کوئی خدا نہیں تم میں کوئی شخص جنتیوں کے کام کرتا رہتا ہے یہاں تک کہ اس میں اور جنت میں صرف ایک ہاتھ کا فرق (فاصلہ) رہ جاتا ہے، اتنے میں تقدیر غالب آجاتی ہے۔ پس وہ دوزخیوں کا کام کر کے دوزخ میں داخل ہو جاتا ہے“۔

''ઈન્સાન કી જો તકદીર હૈ, વો હો કે રહેતા હૈ''

હદીષ દ્વારા પુરાવારિત ઉપરોક્ત વાસ્તવિકતાના અનૂસંધાને ઘણું લખી શકાય તેમ છે, પણ સ્થળ સંકોચના કારણે તેની વિસ્તૃત ચર્ચા શકય ન હોય સંક્ષિપ્તમાં બે (૨) દ્રષ્ટાંતો દ્વારા ઉપરોક્ત વાસ્તવિકતા સરળ રીતે સમજી શકાય છે.

:: દ્રષ્ટાંત નં. ૧ ::

બુખારી શરીફ અને **મુસ્લિમ શરીફ** માં હઝરત અબૂ હુરૈરા રદીઅલ્લાહો તઆલા અન્હો દ્વારા એક હદીષ રિવાયત કરવામાં આવી છે કે, : -

'જંગે-ખૈબર' માં ઈસ્લામી લશ્કરના એક લડવૈયાએ ઘણા જ શૌર્ય અને બહાદૂરીનું પ્રદર્શન કરીને કાફિરોના લશ્કરમાં હાહાકાર મચાવી દીધો. તેના આવા કારનામા થી સહાબા-એ-કિરામ રદીઅલ્લાહો અન્હુમ અતિ પ્રભાવિત અને ખુશ થયા અને તે બહાદૂર લડવૈયાના **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સમક્ષ ખૂબ વખાણ કર્યા. **હુઝૂરે અકદસ** સલ્લ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે, **તે જહન્નમી** છે. **હુઝૂરે અકદસ**ના પવિત્ર અને મુબારક મુખેથીતે બહાદુર લડવૈયા માટે આવા ઉચ્ચારણથી સહાબાએ કિરામ અચંબામાં પડી ગયા. ત્યાં સુધી કે અમુક નબળી અને કાચી માન્યતાવાળા લોકોની શ્રધ્ધા અને યકીમ ડગમગવા લાગ્યો કે આવી ભવ્ય અને ઉચ્ચ સેવા અને ઈસ્લામ માટે મરી ફીટવાનું કર્તવ્ય બજાવનાર શખ્સને **આકાએ નામદાર** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ જહન્નમી કહી રહયા છે. પણ કોઈ કંઈ પણ બોલ્યું નહીં અને આદરપૂર્વક ચુપકીદી સેવી લીધી.

અંતે **પ્યારા નબી** સલ્લલ્લાહો અલૈહે વસલ્લ્મે જે ફરમાવ્યું તે થઈને રહયું. **'વો ઝુંબા જિસ કો સબ કુન કી કુન્જી કહેં'** ના ધારકની ઝમાને અકદસથી નિકળેલા મુબારક શબ્દો અફર સ્વરૂપે પુરવાર થઈને જ રહયા. તે ખુંખાર લડવૈયો યુધ્ધના મેદાનમાં લડતા લડતા અત્યંત ઘાયલ થઈ ગયો. દુશ્મનોની તલવારોના અનેક પ્રહારોએ તેને કારમી ઈજાઓ પહોંચાડી. ગંભીરપણે ઝખ્મી થવાના કારણે ઈજાઓના સતત દુખાવાઓથી તે સતત કણસતો હતો પણ સંપૂર્ણપણે ભાનમાં અને હલન ચલન કરી શકે તેવી હાલતમાં હતો. રાત્રે ઝખ્મોના અસહય દુખાવાઓ તેનાથી જીરવી શકાયા નહીં અને તેણે **'ખુદકુશી'** (Suicide /આત્મહત્યા) કરવાના આશયથી સ્વયં પોતાના જ હાથે ગળું કાપી નાખ્યું અને મરણ પામ્યો.

આ સમાચાર સાંભળીને હુઝૂરે અકદમસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે, 'ઈન્હુ-લા-યદખુલુલ- જન્નતા - ઈલ્લા - નફસુન - મુસ્લેમતુન -વ- અન્નલ્લાહા - લ - યુઅય્યદો - હાઝદ - દીના - બે રિજાલિલ-ફાજિરે' અર્થાત :- **'બેશક, જન્નતમાં કોઈ નહીં જાય, સિવાય મુસલમાન જાન,અને બેશક, અલ્લાહ તઆલા દીને ઈસ્લામની ફાસિકોના હાથે પણ મદદ ફરમાવે છે.'** (હવાલો અને સૌજન્ય :- સહીહ બુખારી, પ્રકરણ ગઝવ-એ-ખૈબર, જિલ્દ નં. ૨, પેઈજ નં. ૬૦૪) ઉપરાંત તિબ્રાની એ **'મોઅજમે-કબીર'** માં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રદીઅલ્લાહો અન્હુમાથી આ શબ્દો સાથે વર્ણન કર્યુ છે કે **'બેઃશક, અલ્લાહ તઆલા આ દીન (ધર્મ)ની મદદ એવા લોકો દ્વારા ફરમાવે છે, જેઓનો કોઈ હિસ્સો નથી.'** (હવાલો :- **'કન્ઝુલ ઉમ્માલ'**, હદીષ નં. ૨૮૯૫૬, જિલ્દ નં. ૧૦, પેઈજ નં. ૧૮૪) આ હદીષમાં જે 'જેઓનો કોઈ હિસ્સો નથી' નો સરળ ગુજરાતી અર્થ એ છે કે **''તેઓ ને જન્નતથી કંઈ જ લાગે વળગે નહીં.''**

:: દ્રષ્ટાંત – ૨ ::

હવે આપણે આપણા દરરોજના નિતક્રમ અને અવાર-નવાર જેનો અનુભવ કરીએ છીએં, તેવો સરળ અને સહેલી રીતે સમજી શકાય તેવો ઉદાહરણ દ્વારા સમીક્ષા કરીએં.

એક શખ્સ ૨ (બે) રકાત નફલ નમાઝ પઢતો હતો. પહેલી રકાતમાં **સૂરએ-બક** અને બીજી રકાતમાં **સૂર-એ-કહફ** પઢી. ઉપરાંત ઘણી જ નિરાંતે અત્યંત 'ખુશૂઅ' અને 'ખુઝૂઅ' એટલે કે એકાગ્રતા અને ધ્યાન મગ્ન થઈને નમાઝ પઢી. ત્યાં સુધી કે 'રૂકુઅ' અને 'સજદા'ની તસ્બીહ પણ ત્રણ (૩) વખત ઉચ્ચારવાને બદલે પચ્ચીસ (૨૫) વખત ઉચ્ચારી. આ રીતે સંપુર્ણપણે તલ્લીન બનીને નમાઝના અરકાન અદા કરતો કરતો જયારે **'કઅદા'** એટલે કે 'અત્તહિય્યાત'માં પહોંચ્યો અને હજુ તો 'અત્તહિય્યાત' પઢવાની શરૂઆત કરતો જ હતો કે તેના નાકમાંથી દડ...દડ... લોહીના ટીપાં ટપકવા લાગ્યા અને તેના ઝભ્ભાનો દામન (ખોળો) લોહી લુહાણ થઈ ગયો. તેને ખ્યાલ આવી ગયો કે મારી નસકોરી ફુટવાના (Epistaxis) કારણે નાકમાંથી લોહીની ધારા વહે છે. તેણે તરત જ નમાઝ અધૂરી મૂકી દીધી અને ઊભો થઈ ગયો. કેમ કે તેને શરીઅતના કાનૂનની જાણકારી હતી કે લોહી નિકળવાના કારણે તેનો 'વુઝૂ' તૂટી ગયો છે, ઉપરાંત કપડા પણ લોહીથી ખરડાઈ જવાના કારણે

નાપાક થઈ ગયા છે. ટૂંકમાં કલાકોથી એકાગ્રતા અને અતિ ધ્યાનમગ્ન બનીને તે જે નમાઝ પઢી રહયો હતો, તે પૂર્ણતા ના આરે આવીને સહેજ બાકી હતી ને તૂટી ગઈ.

આને શું કહેશું ? તકદીર નહીં તો બીજુ શું ? નમાઝ હમણા પૂરી થઈ જશે, તેના કાલ્પનિક આનંદની ઈમારત તકદીરનો એક સામાન્ય ઝટકો આવતા કડડભૂસ થઈને જમીન દોસ્ત થઈ ગઈ. તેનો આવો લાંબો પુરૂષાર્થ પ્રારબ્ધની સામે આવીને મારેલી ટકકરના કારણે પૂર્ણ થવાથી વંચિત રહીને **અધૂરા રેહ ગયા.** તેણે કલ્પયું પણ નહીં હોય કે મારી નમાઝનો પુરૂષાર્થ મારી તકદીરમાં લખાએલા અફર લખાણની વાસ્તવિકતા સામે અધૂરો રહી જશે. આનું નામ જ તકદીર. ઈન્સાન શું ધારે છે, શું કરી નાખવાની ખેવના ધરાવે છે, સચોટ અને કઠીન સંઘર્ષ કરીને આગળ ધપે છે, પણ તકદીરમાં જે લખ્યું હોય છે, તેની સામે ટકકર લેવાની કે બાથ ભીડવાની તેની શકિત નથી. પરિણામે પરાજયનો સ્વીકાર કરીને વિજયની આગેકૂચ ના બદલે પીછેહઠ કરવી પડે છે. હકીકત એ વાતનો પોકાર કરે છે કે તકદીરમાં જે લખેલું છે તેની સામે ઈન્સાન મજબૂર અને નિઃસહાય છે. તેનું ઈચ્છેલું નહીં પણ તકદીરમાં લખેલું જ પૂરૂ થઈને રહે છે.

સર્વ શકિતમાન ખુદાની અનેરી હિકમત કે ઈસ્લામની મદદ એવા લોકો દ્વારા પણ કરાવે છે કે મદદ કરનારો જ ગૈર-મુસ્લિમ હોય છે.

ઈસ્લામના ઉદયકાળ વખતે મકકા-મુકર્રમાના સ્થાનિક લોકોએ વિરોધ અને વ્યર્થ શત્રુતા દ્વારા અંતરાયો અને અવરોધો ની હારમાળા સર્જીને તૌહીદ (એકેશ્વર)ના **'પૈગામે-હક'**ની સદા ગુંગળાવીને રૂંધી નાખવાની ધૃણાસ્પદ ચેષ્ટા કરીને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની સતામણી અને પજવણીમાં કોઈપણ પ્રકારની કચાશ બાકી નહોતી રાખેલી. તે કપરા સંજોગોમાં હિકમતે ખુદાવંદીએ જનાબ અબૂ તાલિબ ને એવી પ્રેરણા અર્પણ ફરમાવી કે તેઓ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની હિમાયત, તરફદારી, સુરક્ષા, અને વિવિધ સહાયો માટે ખડા કરી દીધા. તેમણે ઈસ્લામની તૌહીદની ક્રાંતિની આગેકૂચમાં અનેરો ભાગ ભજવ્યો પણ જીવનના અંતકાળમાં તેમણે જ ઈસ્લામ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો. જેના અનૂસંધાને એક હદીષ રજૂ છે. :-

હદીષ શરીફ

તિબ્રાનીએ 'અલ-મોઅજમુલ-કબીર'માં **હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ** રદીઅલ્લાહો અન્હોથી રિવાયત કરી છે કે, **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કેઃ-

''اِنَّ اللّٰهَ تَعَالیٰ لَيُؤَيِّدُ الْاِسْلَامَ بِرِجَالٍ مَاهُمْ مِنْ اَهْلِهٖ''
ترجمہ:۔ ''بے شک ! اللہ تعالیٰ اسلام کی تائید (مدد) ایسے لوگوں سے کراتا ہے، جوخود اہل اسلام سے نہیں۔''
حوالہ:۔ ▣ ''کنز العمال فی سنن الاقوال والافعال'' مؤلف:۔علامہ علاء الدین علی بن حسام الدین برہان پوری۔المتوفی:۹۷۵ھ ناشر:۔ (۱) دار الکتب العلمیہ بیروت لبنان۔جلد:۱۰،حدیث:۲۸۹۵۳،صفحہ:۸۰ (۲) موسسۃ الرسالۃ۔بیروت۔جلد:۱۰،حدیث:۲۸۹۵۷،صفحہ:۱۸۴

⊛ ઉપરોકત હદીષના ઉર્દુ તર્જૂમાનો ગુજરાતી અનુવાદ ⊛
'બેઃશક, અલ્લાહ તઆલા ઈસ્લામની સહાય (મદદ) એવા લોકો દ્વારા પણ કરાવે છે કે, જે ખૂદ એહલે ઈસ્લામથી(મુસલમાન) નથી.'

'જેને કલ્મો પઢીને ઈસ્લામનો સ્વીકાર કરવાનું કહેવામાં આવે અને તે શખ્સ કલ્મો પઢવાનો સ્પષ્ટ ઈન્કાર કરે, તેના માટે શરીઅતનો શું હુકમ છે? આધારભૂત કિતાબનો હવાલો'

હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની તરફેણ અને હિમાયત કરવામાં જનાબ અબૂતાલિબે સમગ્ર જીવન ખર્ચી નાખ્યું પણ અફસોસ કે જયારે તેઓના ઈન્તેકાલના સમયે ખૂદ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે તેઓને કલ્મો પઢીને ઈસ્લામ સ્વીકાર કરી લેવાનું કહયું, બલ્કે અનેક વખત કહયું, તેમ છતાં જનાબ અબૂ તાલિબે કલ્મો પઢવાનો ઈન્કાર કર્યો.

એક વાત ખૂબ રાખશો કે જે શખ્સને કલ્મો પઢીને ઈસ્લામ ધર્મ અંગિકાર કરવાનું કહેવામાં આવે બલ્કે અનેક વખત કલ્મો પઢવાનું કહેવામાં આવે, તેમ છતાં તે શખ્સ કલ્મો પઢવાનો ઈન્કાર કરે અને પોતાના ઈન્કારને વળગી રહે તેવા શખ્સ માટે શું હુકમ છે ? તે ફિકહની આધારભૂત કિતાબો **શર્હે મકાસિદ, શર્હે તેહરીર** વગેરેના સૌજન્યથી ફિકહની મશહૂર કિતાબ - રદુલ મોહતાર અટલે કે **'ફતાવા–શામી'** માં શું હુકમ છે? તે જોઈએ.

''اَلْمُصِرُّ عَلٰی عَدَمِ الْاِقْرَارِ مَعَ الْمُطَالَبَةِ بِهٖ كَافِرٌ وِفَاقًا لِكَوْنِ ذٰلِكَ مِنْ اِمَارَاتِ عَدَمِ التَّصْدِيْقِ وَلِهٰذَا اَطْبَقُوْا عَلٰی كُفْرِ اَبِیْ طَالِبٍ''
ترجمہ:۔ ''جس شخص سے اقرار اسلام کا مطالبہ کیا جائے اور وہ اقرار نہ کرنے پر اصرار رکھے، وہ شخص بالاتفاق کافر ہے کہ یہ دل میں تصدیق نہ ہونے کی علامت ہے۔اسی واسطے تمام علماء نے کفر ابی طالب پر اتفاق کیا ہے۔''
حوالہ:۔ ''ردالمحتار شرح درمختار'' مصنف:۔سید محمد امین ابن عابدین شامی۔المتوفی:۱۲۵۲ھ ناشر:۔(۱) داراحیاء التراث العربی۔بیروت۔لبنان۔کتاب السیر ، باب المرتد۔جلد:۳، صفحہ:۲۸۳، اور ۲۸۴ ناشر:۔(۲) دار الکتب العلمیہ بیروت۔لبنان۔کتاب الجہاد، باب المرتد۔جلد:۶،صفحہ:۳۵۶

⊛ ઉપરોકત ઉર્દૂ તર્જૂમાનો ગુજરાતી અનુવાદ ⊛

‘જે શખ્સથી ઈસ્લામ ના સ્વીકારની માંગણી કરવામાં આવે, અને તે સ્વીકાર ન કરવાની જીદ (હઠ) કરે, તો તે શખ્સ સર્વે આમિલોના એકમતે કાફિર છે, કેમ કે કલ્મો ન પઢવો, તે બાબત એ વાતનો પુરાવો છે કે તેના દિલમાં ઈસ્લામની સત્યતા નથી. જેથી જ તમામ આલિમોએ અબૂ તાલિબના કુફ્ર ઉપર એકમતી સાધી છે.’

હુઝૂરે અકદમસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સદકામાં જનાબ અબૂ તાલિબ ઉપર અઝાબ હળવો થવા અંગેની હદીષોના પુરાવા

حَدَّثَنَا مُسَدَّدٌ، حَدَّثَنَا يَحْيَى، عَنْ سُفْيَانَ، حَدَّثَنَا عَبْدُالمَلِكِ، حَدَّثَنَا عَبْدُ اللَّهِ بْنُ الحَارِثِ، حَدَّثَنَا العَبَّاسُ بْنُ عَبْدِ المُطَّلِبِ رَضِيَ اللَّهُ عَنْهُ، قَالَ لِلنَّبِيِّ ﷺ: مَا أَغْنَيْتَ عَنْ عَمِّکَ، فَإِنَّهُ كَانَ يَحُوطُکَ وَيَغْضَبُ لَکَ؟ قَالَ: هُوَ فِي ضَحْضَاحٍ مِنْ نَارٍ، وَلَوْلاَ أَنَا لَكَانَ فِي الدَّرْكِ الأَسْفَلِ مِنَ النَّارِ“.

حوالہ:

”صحیح البخاری“، مؤلف: محمد بن إسماعيل أبوعبدالله البخاری، (المتوفی ۲۵۶ھ)

(۱) ناشر: قدیمی کتب خانه، کراچی (پاکستان)، باب قصة ابی طالب، **جلد: ۱، صفحه: ۵۴۸**

(۲) ناشر: قدیمی کتب خانه، کراچی (پاکستا)، کتاب الادب، باب کنية المشرک، **جلد: ۲، صفحه: ۹۱۷**

(۳) ناشر: دارطوق النجاة، (مصر)، طبع اول: ۱۴۲۲ھ، **جلد: ۵، صفحه: ۵۲**

(۴) ناشر: دارالعلوم منظر اسلام بریلی، (یو پی)، **جلد: ۱، صفحه: ۵۴۸**

(۵) ناشر: مجلس البرکات الجامعة الاشرفيه، مبارکپور (یو. پی)، باب کنية المشرک، **جلد: ۲، صفحه: ۹۱۷**

(۶) ناشر: مکتبۂ بلال، جامع مسجد، دیوبند، **جلد: ۱، صفحه: ۵۴۸**

(۷) ناشر: جمعيّة المکنز الاسلامی، القاهره، مصر، (Printed in Germany)، باب: ۴۰ - ۱۰۰، حدیث: ۳۹۳۱، **جلد: ۲، صفحه: ۷۶۳**

(۸) ناشر: جمعيّة المکنز الاسلامی، القاهره، مصر، (Printed in Germany)، باب: ۱۱۵، حدیث: ۶۲۷۹، **جلد: ۳، صفحه: ۱۲۶۴**

”صحیح مسلم“، مؤلف: مسلم بن الحجاج أبو الحسن القشيری النيسابوری (المتوفی ۲۶۱ھ)

(۱) ناشر: دار إحياء التراث العربی، بيروت (لبنان)، باب شفاعة النبی ﷺ، **جلد: ۱، صفحه: ۱۹۴**

(۲) ناشر: قدیمی کتب خانه، کراچی (پاکستان)، کتاب الایمان، **جلد: ۱، صفحه: ۱۱۵**

(۳) ناشر: مجلس البرکات الجامعة الاشرفية، مبارکپور، (یو. پی)، **جلد: ۱، صفحه: ۱۱۵**

(۴) ناشر: جمعيّة المكنز الاسلامى، القاهره، مصر، (Germany Printed in)،،باب: ۹۲-۸۹، حديث: ۱۵۳۱، **جلد: ۱، صفحه: ۱۱۰**

(۵) ناشر: مكتبۂ بلال، جامع مسجد، ديوبند، **جلد: ۱، صفحه: ۱۱۵**

(٦) ناشر: درالعلوم منظر اسلام بريلى، (يو پى)، **جلد: ۱، صفحه: ۱۱۵**

"مسند الإمام أحمد بن حنبل"، مؤلف: أبو عبد الله أحمد بن محمد بن حنبل بن هلال بن أسد الشيبانى (المتوفى ۲۴۱ھ)

(۱) ناشر: مؤسسة الرسالة، بيروت (لبنان)، طبع اول: ۱۴۲۱ھ، ۲۰۰۱ء، **جلد: ۳، صفحه: ۲۹۱**

(۲) ناشر: دار الكتب العلمية، بيروت (لبنان)، حديث: ۱۷۶۸، **جلد: ۱، صفحه: ۲۶۸**

ترجمہ: ''حدیث بیان کی ہم سے مسدد نے، وہ کہتے ہیں ہم سے بیان کیا یحیٰ نے وہ روایت کرتے ہیں سفیان سے، وہ کہتے ہیں ہم سے بیان کیا عبدالملک نے وہ کہتے ہیں ہم سے بیان کیا عبداللہ بن حارث نے، وہ کہتے ہیں ہم سے بیان کیا **حضرت عباس بن عبدالمطلب** رضی اللہ تعالیٰ عنہ نے کہ انہوں نے خدمت اقدس حضور سید المرسلین ﷺ میں عرض کی کہ حضور نے اپنے چچا جناب ابوطالب کو کیا نفع دیا؟ خدا کی قسم وہ حضور کی حمایت کرتے اور حضور کے لئے لوگوں سے لڑتے جھگڑتے تھے۔ فرمایا: میں نے اسے سراپا آگ میں ڈوبا ہوا پایا، تو اسے کھینچ کر پاؤں تک آگ میں کر دیا اور اگر میں نہ ہوتا، تو وہ جہنم کے سب سے نیچے طبقے میں ہوتا۔''

⊛ હદીષના ઉપરોકત ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ ⊛

'હદીષ વર્ણન કરી અમારાથી 'મુસદ્દદે', તેઓ કહે છે કે અમારાથી હદીષ વર્ણન કરી **'યાહયા'** એ, તેઓ રિવાયત કરે છે 'સુફિયાન'થી, તેઓ કહે છે કે અમારાથી વર્ણન કર્યું 'અબ્દુલ મલિકે', તેઓ કહે છે કે અમારાથી વર્ણન કર્યુ 'અબ્દુલ્લાહબિન હારિષે', તેઓ કહે છે કે અમારાથી હદીષ બયાન કરી **હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ** રદીઅલ્લાહો તઆલા અન્હોએ કે તેઓએ **હુઝૂરે અકદસ,** સય્યેદુલ મુરસેલીન સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ખિદમતમાં અર્ઝ કરી કે હુઝૂરે પોતાના કાકા અબૂ તાલિબને શું ફાયદો પહોંચાડયો ? ખુદાની કસમ! તેઓ હુઝૂરની તરફેણ કરતા હતા અને હુઝૂર માટે લોકોથી લડતા ઝઘડતા હતા. **હઝરત અબ્બાસ** ના પ્રશ્નનો ઉત્તર આપતા **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે, તેઓ પગથી માથા સુધી આગમાં ડૂબેલા હતા, મૈં તેઓને ખેંચીને ફકત પગ સુધીની આગ સુધી ડુબેલા કરી દીધા. **જો હૂં ન હોત, તો તેઓ જહન્નમના સૌથી નીચા તબક્કા** (કક્ષા) **માં હોત.'**

◉ **નોટ :–** ઉપરોકત હદીષના અનૂસંધાને અંતિમ પૃષ્ઠોમાં વિવરણ આવશે, જેથી અહીં કંઈપણ ન લખતાં, વાંચક મિત્રોને વિનંતી કે ફકત એટલું યાદ રાખશો કે આ હદીષ **હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ** રદીઅલ્લાહો અન્હોએ રિવાયત કરી છે.

‘કયામત ના દિવસે હુઝૂરે અકદસ ની શફાઅત થી અબૂ તાલિબ ને ફાયદો થશે’

”وَحَدَّثَنَا قُتَيْبَةُ بْنُ سَعِيدٍ، حَدَّثَنَا لَيْثٌ، عَنِ ابْنِ الْهَادِ، عَنْ عَبْدِ اللهِ بْنِ خَبَّابٍ، عَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ، أَنَّ رَسُولَ اللهِ ﷺ ذُكِرَ عِنْدَهُ عَمُّهُ أَبُو طَالِبٍ فَقَالَ: لَعَلَّهُ تَنْفَعُهُ شَفَاعَتِي يَوْمَ الْقِيَامَةِ، فَيُجْعَلُ فِي ضَحْضَاحٍ مِنْ نَارٍ يَبْلُغُ كَعْبَيْهِ،يَغْلِي مِنْهُ دِمَاغُهُ“

حوالہ:

”صحیح مسلم“،مؤلف:مسلم بن الحجاج أبو الحسن القشیری النیسابوری (المتوفی ۲۶۱ھ)

(۱) ناشر:مجلس البرکات الجامعة الاشرفیة،مبارکپور (یو پی)، **جلد: ۱،صفحہ: ۱۱۵**

(۲) ناشر: جمعیّة المکنز الاسلامی، القاهره،مصر، (Germany Printed in)، باب: ۹۰-۹۳، حدیث: ۵۳۷، **جلد: ۱، صفحہ: ۱۱۰**

(۳) ناشر: دارإحیاء التراث العربی، بیروت(لبنان)، حدیث: ۳۶۰، **جلد: ۱،صفحہ: ۱۹۵**

(۴) ناشر: مکتبۂ بلال،جامع مسجد، دیوبند، **جلد: ۱، صفحہ: ۱۱۵**

(۵) ناشر: درالعلوم منظراسلام بریلی،(یو پی)، **جلد: ۱، صفحہ: ۱۱۵**

(۶) ناشر: قدیمی کتب خانہ، کراچی(پاکستان)، کتاب الایمان، **جلد: ۱،صفحہ: ۱۱۵**

”صحیح البخاری“، مؤلف: محمد بن إسماعیل أبو عبدالله البخاری(المتوفی ۲۵۶ھ)

(۱) ناشر: مکتبۂ بلال،جامع مسجد، دیوبند، **جلد: ۱، صفحہ: ۵۴۸**

(۲) ناشر: جمعیّة المکنز الاسلامی، القاهره، مصر، (Germany Printed in)، باب: ۴۰-۱۰۰، حدیث: ۳۹۳۳، **جلد: ۲، صفحہ: ۷۶۴**

(۳) ناشر: درالعلوم منظراسلام بریلی،(یو پی)، **جلد: ۱، صفحہ: ۵۴۸**

(۵) ناشر: دارطوق النجاة،(مصر)،طبع اول: ۱۴۲۲ھ، **جلد: ۵، صفحہ: ۵۲**


ترجمہ:

”یعنی حضور اقدس ﷺ کے سامنے جناب ابوطالب کا ذکر آیا۔فرمایا: میں امید کرتا ہوں کہ روز قیامت میری شفاعت اسے یہ نفع دے گی کہ جہنم میں پاؤں تک کی آگ میں کر دیا جائے گا۔ جو اس کے ٹخنوں تک ہوگی، جس سے اس کا دماغ جوش مارے گا“۔

⍟ ઉપરોકત ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ ⍟

‘**હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની સમક્ષ અબૂતાલિબ અનૂસંધાને વાત નિકળી, આપે ફરમાવ્યું કે હૂં ઉમ્મીદ કરૂ છું કે કયામતના દિવસે મારી શફાઅત તેઓને ફાયદો પહોંચાડશે કે સમગ્ર શરીરના બદલે ફકત પગની ઘૂટી સુધીની આગમાં લાવી દેવામાં આવશે. અને તે આગથી તેનું મગજ ખદબદી ઉઠશે.’

હવાલામાં રજૂ કરેલ ''સહીહુલ બુખારી'' જિલ્દ નં. ૧ નું મુખપૃષ્ઠ (TITLE) ની ઝેરોક્ષ નકલ :-



હવાલામાં રજૂ કરેલ ''સહીહુલ બુખારી'''ની ઈબારત ના પેઈજ નં. ૫૪૮ ની ઝેરોક્ષ નકલ :-



દોઝખમાં સૌથી હળવો અને ઓછો અઝાબ જનાબ અબૂ તાલિબને હશે – હદીષ

"وَحَدَّثَنَا أَبُو بَكْرِ بْنُ أَبِى شَيْبَةَ، حَدَّثَنَا عَفَّانُ، حَدَّثَنَا حَمَّادُ بْنُ سَلَمَةَ، حَدَّثَنَا ثَابِتٌ، عَنْ أَبِى عُثْمَانَ النَّهْدِيِّ، عَنِ ابْنِ عَبَّاسٍ، أَنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: أَهْوَنُ أَهْلِ النَّارِ عَذَابًا أَبُو طَالِبٍ، وَهُوَ مُنْتَعِلٌ بِنَعْلَيْنِ يَغْلِى مِنْهُمَا دِمَاغُهُ"

حوالہ:

"**صحيح مسلم**"، مؤلف: مسلم بن الحجاج أبو الحسن القشيرى النيسابورى (المتوفى ٢٦١ھ)

(١) ناشر: مجلس البركات الجامعة الاشرفية، مباركپور (يو پى)، **جلد: ١، صفحه: ١١٥**

(٢) ناشر: جمعيّة المكنز الاسلامى، القاهره، مصر، Printed in (Germany)، باب: ٩٣-٩٠، حديث: ٥٣٧، **جلد: ١، صفحه: ١١٠**

(٣) ناشر: دار إحياء التراث العربى، بيروت (لبنان)، حديث: ٣٦٢، **جلد: ١، صفحه: ١٩٦**

(٤) ناشر: مكتبهٔ بلال، جامع مسجد، ديوبند، **جلد: ١، صفحه: ١١٥**

(٥) ناشر: دارالعلوم منظر اسلام بريلى، (يو پى)، **جلد: ١، صفحه: ١١٥**

(٦) ناشر: قديمى كتب خانه، كراچى (پاكستان)، كتاب الايمان، **جلد: ١، صفحه: ١١٥**

"**مسند الإمام أحمد بن حنبل**"، مؤلف: أبو عبد الله أحمد بن محمد بن حنبل بن هلال بن أسد الشيبانى (المتوفى ٢٤١ھ)

ناشر: مؤسسة الرسالة، بيروت (لبنان)، طبع اول: ١٤٢١ھ، ٢٠٠١ء، حديث: ٢٦٣٦، جلد: ٤، صفحه: ٣٨٧

'સંજોગોની અજાયબીમાંથી છે કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના ચાર (૪) કાકાઓ ઈસ્લામના સ્થાપના કાળમાં જીવીત હતા. તેમાંથી બે (૨) કાકાઓ એ ઈસ્લામનો સ્વીકાર કર્યો નહીં અને બે (૨) મુસલમાન બન્યા. જે બે (૨) કાકાએ ઈસ્લામનો સ્વીકાર કર્યો નહીં તેઓના નામો પહેલેથી મુસ્લિમ નામોની વિરૂધ્ધના હતા. જેમ કે **અબૂ તાલિબ** નું નામ **અબ્દે મુનાફ** હતું અને અબૂ લહબ નું નામ **અબ્દુલ ઉઝઝા** હતું અને જે બે (૨) કાકા મુસલમાન બન્યા, તેઓના નામ પાક અને સાફ હતા. **હમઝા** અને **અબ્બાસ** (રદીઅલ્લાહો તઆલા અન્હુમા)'

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''શર્હે ઝરકાની''
જિલ્દ નં. ૨ નો ટાઇટલ પેઈજ

شرح العلامة الزرقاني

المتوفى سنة [illegible]

على

المواهب اللدنية بالمنح المحمدية

للعلامة القسطلاني

المتوفى سنة ٩٢٣هـ

ضبطه وصححه

محمد عبد العزيز الخالدي

الجزء الثاني

[illegible]

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''શર્હે ઝરકાની''
જિલ્દ નં. ૨ ની ઈબારત નો પેઈજ નં. ૪૮

محضته العرب ودادها، وأصفت له فؤادها، وأعطته قيادها، يا معشر قريش، كونوا له ولاة، ولحزبه حماة، والله لا يسلك أحد سبيله إلا رشد، ولا يأخذ أحد بهديه إلا سعد، ولو كان لنفسي مدة ولأجلي تأخير لكففت عنه الهزاهز، ولدفعت عنه الدواهي. ثم هلك.

ثم بعد ذلك بثلاثة أيام ـ وقيل: بخمسة ـ في رمضان، بعد البعث بعشر سنين، على الصحيح، ماتت ....

محضته) بمهملة لمعجمة أخلصت له (العرب ودادها وأصفت) بالفاء (له فؤادها) أزالت ما فيه من حسد وبغض، وفي نسخة بالقين، أي: استمعوا بقلوبهم، أي: أمالوها له. (وأعطته قيادها) كما انقاد له العرب لما سار بهم إلى فتح مكة، وكما وقع في مجيء هوازن منقادين لحكمه لمن عليهم برد سباياهم.

(يا معشر قريش!) كذا في النسخ، وفيها سقط فلفظه كما في الروض عن الكلبي: دونكم يا معشر قريش ابن أبيكم (كونوا له ولاة) موالين ومناصرين (ولحزبه حماة) من أعدائهم وتأمل ما في قوله ابن أبيكم من الترقيق والتقريع والتصريح بأنه منهم فعزه عزهم ونصره نصرهم، فكيف يسعون في خذلانه فإنما هو خذلان لأنفسهم، وهذا من حيث النظر إلى مجرد القرابة فكيف وهو على الصراط المستقيم ويدعو إلى ما يوصل إلى جنات النعيم، كما أشار إليه مؤكدًا بالقسم، فقال: (والله لا يسلك أحد سبيله إلا رشد) بكسر الشين وفتحها والكسر أولى بالسجع، (ولا يأخذ أحد بهديه إلا سعد) في الدارين (ولو كان لنفسي مدة ولأجلي تأخير لكففت عنه الهزاهز) بهاءين وزاءين منقوطين بعد أولاهما ألف، قال الجوهري: الهزاهز الفتن تهتز فيها الناس، وفي القاموس: الهزاهز تحريك البلايا والحروب في الناس، (ولدفعت عنه الدواهي، ثم هلك) على كفره، فانظر واعتبر كيف وقع جميع ما قاله من باب الفراسة الصادقة، وكف هذه المعرفة التامة بالحق وسبق فيه قدر القهار؛ إن في ذلك لعبرة لأولي الأبصار ولهذا الحب الطبيعي كان أهون أهل النار عذابًا، كما في مسلم وفي فتح الباري تكملة من عجائب الاتفاق إن الذين أدركهم الإسلام من أعمام النبي ﷺ أربعة لم يسلم منهم اثنان وأسلم اثنان، وكان اسم من لم يسلم ينافي أسامي المسلمين وهما أبو طالب واسمه عبد مناف وأبو لهب واسمه عبد العزى بخلاف من أسلم، وهما: حمزة والعباس.

(ثم بعد ذلك بثلاثة أيام، وقيل: بخمسة) وقيل: بشهر، وقيل: بشهر وخمسة أيام، وقيل: بخمسين يومًا، وقيل: بخمسة أشهر، وقيل: ماتت قبله، (في رمضان بعد البعث بعشر سنين على الصحيح) كما قال الحافظ، وزاد: وقيل بعده بثمان سنين، وقيل: بسبع، (ماتت) الصديقة الطاهرة

કિછોછા શરીફના મહાન બુઝુર્ગ, કુત્બુલ અકતાબ, કુદવતુલ-કુબ્રા, મહેબૂબ યઝદાની, હઝરત મખ્દૂમ, સુલ્તાન જહાંગીર, સૈયદ અશરફ સિમ્ના ની નો ઈર્શાદે ગિરામી કે અબૂ-તાલિબે કુફ્રની હાલતમાં ઈન્તેકાલ કર્યો છે.

’’ان میں ایک ابوطالب تھے،جن کا نام عبد مناف تھا۔وہ نبی ﷺ کے والد عبداللہ رضی اللہ تعالیٰ عنہ اور عاتکہ کے جنھوں نے واقعہ بدر خواب میں دیکھا تھا،ماں جائے بھائی تھے۔والدہ کا نام فاطمہ بنت عمرو تھا۔ابوطالب نے حالت کفر میں انتقال کیا‘‘۔

حوالہ: **”لطائف اشرفی(اردوترجمه)“، مؤلف:شیخ العارفین حضرت نظام الدین یمنی رحمة الله علیه، ناشر:مخدوم اشرف اکیڈمی، کچھوچھه شریف،(یو پی)،صفحه:۵۳۳**


”لطائف اشرفی (فارسی)“، ناشر:مکتبۂ سمنانی،فردوس کالونی، کراچی (پاکستان)، صفحه:۳۱۵

⊛ ઉપરોકત ઉર્દૂ ઈબારતનું ગુજરાતી લિપીયાંતર ⊛

‘ઉન મેં એક અબૂ-તાલિબ થે, જિન કા નામ અબ્દે મુનાફ થા. વો નબી સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ કે વાલિદ અબ્દુલ્લાહ રદીઅલ્લાહો તઆલા અન્હો ઔર આતેકા કે જિન્હો ને જંગે બદર કા વાકેઆ ખ્વાબ મેં દેખાથા, માં-જાએ ભાઈ થે. વાલેદા કા નામ ફાતેમા બિન્તે અમ્ર થા. અબૂ-તાલિબ ને હાલતે કુફ્ર મેં ઈન્તેકાલ કિયા.’

⊛ ઉપરોકત ગુજરાતી લિપીયાંતરનો ગુજરાતી અનુવાદ ⊛

‘તેમાંથી એક અબૂ-તાલિબ હતાં, જેનું નામ અબ્દે મુનાફ હતું. તેઓ નબી સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના વાલિદે ગિરામી અબ્દુલ્લાહ રદીઅલ્લાહો તઆલા અન્હો અને આતેકા કે તેણી એ બદરની જંગની ઘટના સ્વપ્નમાં જોઈ હતી, સગા માં જણયા ભાઈ હતા. વાલેદાનું નામ ફાતેમા બિન્તે અમ્ર હતું, **અબૂ તાલિબનો ઈન્તેકાલ કુફ્રની હાલતમાં થયો.’**


بسم اللہ الرحمن الرحیم

لطائف اشرفی

اردو

قدوۃ الکبریٰ محبوب یزدانی محافظ دنیا، ناظر عالم ملکوت، قطب الاقطاب، غوث العالم حضرت مخدوم سلطان سید اشرف جہانگیر سمنانی رحمۃ اللہ علیہ

کی

سوانح وفضائل اور ملفوظات

مؤلفہ: شیخ العارفین حضرت نظام یمنی رحمۃ اللہ علیہ

કિતાબ ''લતાઈફે અશરફિયા'' નો ટાઈટલ પેઈજ અને હવાલા ની ઈબારત નો પેઈજ નં. ૫૩૩

لطائف اشرفی　　533　　لطیفہ۔ پانچواں

تھی، لیکن زندہ نہ رہی اور نہ حضرت عثمان سے حضرت رقیہ رضی اللہ عنہا کے ہاں کوئی اولاد ہوئی۔ حضرت ام کلثوم نے حضرت عثمان کے گھر میں شعبان 9 ہجری میں وفات پائی۔ رسول اللہ ﷺ نے فرمایا: اگر میری ایک بیٹی اور ہوتی تو میں اس کا نکاح بھی عثمان سے کرتا۔ محمد بن عبد الرحمن کی روایت ہے کہ رسول اللہ ﷺ حضرت ام کلثوم کی قبر پر تشریف فرما ہوئے۔ آپ ﷺ کی دونوں آنکھوں سے آنسو رواں تھے۔ آپ ﷺ نے فرمایا: آیا تم میں سے کوئی ام کلثوم کے اہل میں ایسا ہے جو رات کو ان سے جدا نہ ہوا ہو۔ ابوطلحہ نے عرض کیا یا رسول اللہ! (ﷺ) میں ہوں۔ فرمایا: نیچے آؤ۔

تیرھواں شرف: آپ ﷺ کے چچاؤں اور پھوپھیوں کا ذکر

رسول اللہ ﷺ کے عبد المطلب کی اولاد سے گیارہ چچا تھے۔ ان میں سے ایک حارث تھے، ان کے نام کی بنا پر حضرت عبد المطلب کی کنیت ابو حارث تھی یا غالباً اس وجہ سے کہ حارث سب سے بڑے بیٹے تھے۔ ان کی اولاد اور اولاد کی اولاد میں سے ایک جماعت تھی جو نبی ﷺ کے صحابی تھے۔ ان بعضوں میں سے ایک ابوسفیان بن حارث تھے جو فتح مکہ کے روز اسلام لائے۔ ابوسفیان غزوۂ حنین میں موجود تھے۔ نبی ﷺ نے ان کے حق میں فرمایا: ابوسفیان جوانانِ جنت کے سردار ہیں اور اپنے پیچھے کچھ نہ چھوڑا[1] ان میں ایک نوفل بن حارث تھے، جنہوں نے ہجرت کی اور خندق کے روز اسلام لائے۔ نوفل بن حارث صاحب اولاد تھے، ان میں ایک عبد الشمس تھے جن کا نام نبی ﷺ نے عبد اللہ رکھا تھا۔ ان کی اولاد ملک شام میں آباد ہوئی۔


(عبد المطلب کے بیٹوں میں) ایک قثم تھا جس نے چھوٹی عمر میں وفات پائی۔ وہ حارث کے ماں جائے بھائی تھی۔ ایک (چچا) زبیر تھے۔ ان کا شمار شرفائے قریش میں ہوتا تھا۔ ان کے فرزند عبد اللہ بن زبیر رضی اللہ عنہ تھے جو غزوہ حنین میں موجود تھے۔ ثابت قدم رہے اور جنگ میں بمقام اجنادین شہید ہوئے۔ روایت ہے کہ عبد اللہ بن زبیر رضی اللہ عنہ میں سات بہادروں کے برابر طاقت تھی۔ بے شک انہوں نے کفار کو قتل کیا اور کافروں نے انہیں قتل کیا۔ ضباعہ بنت زبیر صحابیہ تھیں اور ام الحکم رضی اللہ عنہا بنت زبیر نے نبی ﷺ سے روایت کی ہے۔

ایک حضرت حمزہ رضی اللہ عنہ بن المطلب تھے، جنہیں اسد اللہ اور اسد الرسول اللہ کا لقب ملا۔ حضرت حمزہ رسول اللہ ﷺ کے رضاعی بھائی بھی تھے۔ وہ قدیم الاسلام تھے۔ (یعنی ابتدا ہی میں اسلام لے آئے تھے) انہوں نے مدینہ طیبہ ہجرت فرمائی۔ جنگ بدر اور جنگ احد میں شریک ہوئے اور غزوہ احد میں شہید ہوئے۔

ان میں سے ایک ابوالفضل عباس رضی اللہ عنہ تھے۔ ان کا اسلام پختہ تھا اور انہوں نے (غزوہ بدر کے بعد قبول اسلام کر کے) مدینے میں ہجرت فرمائی۔ نبی ﷺ ان سے سن وسال میں بڑے تھے۔ ان کے ایک فرزند کا نام فضل تھا۔ یہ سب بیٹوں میں بڑے تھے اور ان کے نام پر حضرت عباس کی کنیت ابوالفضل تھی۔ عبد اللہ، عبید اللہ اور قثم یہ تینوں بھی ان کے بیٹے تھے۔ سب کو صحابی ہونے کا شرف حاصل ہوا۔ نبی ﷺ نے فتح مکہ کے دن حضرت عباس رضی اللہ عنہ کو زمزم پلانے کی خدمت پر مامور کیا، ان کی وفات مدینے میں حضرت عثمان رضی اللہ عنہ کے زمانۂ خلافت میں 32 ہجری میں ہوئی۔ آخری عمر میں بینائی جاتی رہی تھی، یعنی نابینا ہو گئے تھے۔

ان میں ایک ابوطالب تھے، جن کا نام عبد مناف تھا۔ وہ نبی ﷺ کے والد عبد اللہ رضی اللہ عنہ اور عاتکہ کے جنہوں نے واقعہ بدر خواب میں دیکھا تھا، ماں جائے بھائی تھے۔ والدہ کا نام فاطمہ بنت عمرو تھا۔ ابوطالب نے حالتِ کفر میں انتقال کیا، عقیل، جعفر اور علی رضی اللہ عنہم اور ام ہانی ابوطالب کی

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''લતાઈફે અશરફી'' (ફારસી) નો ટાઈટલ (TITLE) પેઈજ



હવાલામાં રજૂ કરેલ ‘‘લતાઈફે અશરફી’’ (ફારસી)ની ઈબારત નો પેઈજ નં. ૩૧૫



જનાબ અબૂ-તાલિબના ઈમાનના પુરાવા અને જન્નતી હોવાની દલીલ સ્વરૂપે જેને પ્રખર અને સચોટ પુરાવારૂપે જે હદીષ રજૂ કરવામાં આવે છે, એટલે કે હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબની હદીષની અસલ અરબી ઈબારત હવાલા અને અનુવાદ સાથે અને તે હદીષના અનૂસંધાને મહત્વના મુદ્દા અને વિસ્તૃત ચર્ચા

” لَـمَّـا تَقَارَبَ مِنْ أَبِى طَالِبٍ الْمَوْتُ قَالَ :نَـظَـرَ الْعَبَّاسُ إِلَيْهِ يُحَرِّكُ شَفَتَيْهِ، قَالَ: فَـأَصْغَى إِلَيْهِ بِأذنِه، قال: فقال يابن أَخِى، وَاللَّهِ لَقَدْ قَالَ أَخِى الْكَلِمَةَ الَّتِى أَمَرْتَهُ أَنْ يَقُولَهَا، قَالَ .فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: "لَمْ أسمعْ“.

حوالہ: **”السيرة النبوية لابن هشام“**، مؤلف: امام عبد الملک بن هشام بن أيوب (المتوفى: ۲۱۳ھ)

ناشر:۔ (۱) مکتبة المنار، اردن، طبع اول: ۱۴۰۹ھ، باب وفاة ابى طالب وخديجة، **جلد: ۲، صفحه: ۶۸**

ناشر:۔ (۲) شركة مكتبة ومطبعة مصطفى البابى الحلبى، مصر، طبع ثانى: ۱۳۷۵ھ، باب وفاة ابى طالب وخديجة، **جلد: ۱، صفحه: ۴۱۸**

ترجمہ: ”جب ابوطالب کی موت کا وقت قریب ہوا، راوی کہتے ہیں کہ حضرت عباس نے ان کے ہونٹوں کو ہلتے ہوئے دیکھا۔ پس آپ نے کان لگا کر غور سے سنا، تو آپ نے حضور اکرم سے عرض کیا کہ اے میرے بھتیجے! بخدا میرے بھائی نے وہی کلمات کہے، جن کلمات کا آپ نے ان کو حکم دیا۔ راوی کہتے ہیں کہ حضور ﷺ نے ارشاد فرمایا کہ میں نے نہیں سنا۔“

⊛ ઉપરોકત હદીષના ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ ⊛

'જયારે અબૂ-તાલિબ ના ઈન્તેકાલનો સમય સમીપ આવ્યો, ત્યારની પરિસ્થિતિનું વર્ણન કરતા રાવી કહે છે કે, **હઝરત અબ્બાસે** તેઓના હોઠોંને હલન ચલન કરતા જોયા. જેથી આપે તેઓના હોંઠોની નઝદીક પોતાના કાન સોસંરવા કરીને સાંભળ્યું, તો આપે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને સંબોધીને કહયું કે **એ મારા ભત્રીજા** અલ્લાહની કસમ ! મારા ભાઈએ તે શબ્દો જ કહયા છે, જે શબ્દો કહેવાનો આપે તેમને આદેશ આપેલો. રાવી (વર્ણન કર્તા) કહે છે કે, **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે **'મૈં નથી સાંભળ્યું''**

આ હદીષને શીયા-ફિર્કાના અનૂયાયીઓ ઉપરાંત તેવા લોકો કે જેઓ જનાબ અબૂ-તાલિબના ઈમાન લાવવાની વાતને સમર્થન આપે છે. તે બધા લોકો આ હદીષને ઉત્સાહ અને ખાત્રીના થનગનાટ સાથે દલીલ સ્વરૂપે રજૂ કરી ને જનાબ અબૂ તાલિબને ⊛ સહાબી-એ-રસૂલ ⊛ મો'મિન અને મુસલમાન તથા ⊛ કતઈ જન્નતી એટલે કે ખાત્રીપૂર્વક સ્વર્ગવાસી પુરવાર કરવાની ચેષ્ટા કરે છે. અને જનાબ અબૂ તાલિબને **રદીઅલ્લાહો તઆલા અન્હો** અને **અલૈહિસ્સલામ** ના અતિ આદરણીય અને માન-મરતબા-સભર ઈલ્કાબોથી સંબોધન કરે છે. બલ્કે તેમાં પણ અતિશ્યોકતિ અને વધુ પડતા સન્માનનું પ્રદર્શન કરે છે. જેથી આ હદીષને અનુલક્ષીને તે હદીષનો જે રીતે પુરાવા અને દલીલ સ્વરૂપે દુરૂપયોગ કરવામાં આવે, તેના અનુસંધાને અને હદીષની ગુણવત્તાની ચકાસણી માટે અમો અહીં ઈતિહાસના પ્રખરઅ ને સચોટ પુરાવા રજૂ કરી રહયા છીએં.

સૌ પ્રથમ તો આ હદીષના શબ્દો અને કયા સંજોગો અને કઈ પરિસ્થિતિમાં આ હદીષમાં વર્ણનીય **હઝરત અબ્બાસ** નાં મુખેથી આ શબ્દો સરી પડયા, તેની ચકાસણી કરવા માટે તે સમય ની પરિસ્થિતિની વાસ્તવિકતાનુ ધૂંધળું દ્રશ્ય કલ્પના દ્રષ્ટિ સમક્ષ ખડુ કરીએં.

જયારે જનાબ અબૂ-તાલિબના ઈન્તેકાલનો સમય બિલ્કુલ નજીક આવ્યો, ત્યારે **હુઝૂરે અકદસ, જાને ઈમાન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ તેઓની પાસે તશરીફ લાવ્યા અને **'લા-ઈલાહા-ઈલ્લલ્લાહો'**નો કલ્મો પઢીને મુસલમાન બની જવાની ફરમાઈશ કરી બલ્કે વારંવાર આગ્રહ કરીને પ્રેરણા આપી, પણ જનાબ અબૂ તાલિબે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. થોડી જ વારમાં આત્મા અને શરીરના સબંધો પૂરા થયા અને જનાબ અબૂ તાલિબ ફાની દુનિયા ત્યાગી ચાલ્યા ગયા.

પોતાના માયાળુ, પ્રેમાળ અને શુભચિંતક કાકાએ કલ્મો પઢયા વગર પ્રાણ ત્યાગી દીધો. તે બદલ **હુઝૂરે અકદસ, જાને ઈમાન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને અત્યંત દુઃખ, રંજ અને વિષાદની લાગણીનો એહસાસ થયો અને જનાબ અબૂ તાલિબનો દેહ વિલય થતાં જ આપ થોડાક અંતરે ખસીને તશરીફ ફર્મા થઈ ગયા.

તે વખતે અબૂ-તાલિબના સગા ભાઈ અને **હુઝૂરે અકદસ** ના સગા કાકા **હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ** રદીઅલ્લાહો તઆલા અન્હો પણ ત્યાં મૌજૂદ હતા. થોડીક ક્ષણો પહેલાંની ઘટના તેમણે નિહાળી હતી. એટલે કે **હુઝૂરે અકદસ** નું જનાબ અબૂ તાલિબને કલ્મો પઢવાનું કહેવું અને તેઓનું સ્પષ્ટ ઈન્કાર કરવું, એ બીના હઝરત અબ્બાસે પ્રત્યક્ષ જોઈ હતી અને હુઝૂરે અકદસનું થોડાક અંતરે દૂર ખસી જવું પણ સગી આંખે જોયું હતું.

હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હો એ જનાબ અબૂ-તાલિબના નિષ્પ્રાણ દેહ પ્રત્યે દ્રષ્ટિપાત કર્યો અને જયારે ચેહરો જોયો, તો તેઓને એવો ભ્રમ થયો કે મારા મોટાભાઈ અબૂ-તાલિબના હોંઠો ફફડી રહયા છે, પોતાના ભ્રમને વિશ્વાસના સંપાદન દ્વારા ભાંગી નાખવા, હઝરત અબ્બાસે પોતાના મોટા ભાઈના હલન-ચલન કરતા હોઠોં પાસે જઈને પોતાના કાનોને સાંસળવા કરીને અબૂ - તાલિબના હોઠોંની એકદમ નજીક લઈ ગયા અને મોટા ભાઈ શું કહી રહયા છે, તે સાંભળવાનો પ્રયત્ન કર્યો.

થોડીક ક્ષણો પહેલા હઝરત અબ્બાસે પ્રત્યક્ષ જોયું હતું કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ અબૂ તાલિબને ઈસ્લામમાં દાખિલ કરવા તેઓને વારંવાર કલ્મો પઢવાનો આગ્રહ કરેલો, જેનો મોટા ભાઈ અબૂ-તાલિબે ઈન્કાર કરેલો પણ અત્યારે તો મોટા ભાઈ તે શબ્દો જ ઉચ્ચારી રહયા છે, જે શબ્દો કહેવા માટે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ આગ્રહ પૂર્વક પ્રેરણા આપી રહયા હતા. પણ મોટા ભાઈના ઈન્કાર થી દુઃખી થઈને આપ થોડાક અંતરે ઊભા છે.

મોટા ભાઈએ જે શબ્દો ન કહયા, તેનાથી દુઃખી થઈને નજીકના અંતરે તશરીફ ફર્મા વ્હાલા ભત્રીજાને ખૂશ અને પ્રસન્ન કરવા ના નેક અને નિર્દોષ ઈરાદાથી હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હોએ ખૂશ ખબરના સ્વરૂપે સંબોધન કરતા પોકારીને કહયું કેઃ-

'કાલા – ફ– કાલા – યબ્નલ – અખી ! વલ્લાહે – લ – કદ – કાલા – અખીયુલ – કલેમતલ – લતી– અમરતહુ – અંચ – યકૂલહા'

:: અનુવાદ ::

'રાવી વર્ણન કરે છે કે હઝરત અબ્બાસે કહયું કે, **એ મારા ભત્રીજા ! અલ્લાહની કસમ, મારા ભાઈએ તે શબ્દો જ કહયા છે, જે શબ્દો કહેવાનો આપે**

તેમને આદેશ આપેલો'

હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હોની આ વાત સાંભળીને કે અબૂ તાલિબે કલ્મો પઢી લીધો છે, તેનો અસ્વીકાર કરતા હુઝૂરે અકદસે ફરમાવ્યું કેઃ-

હદીષના શબ્દો છે કે :- **'કાલા – ફ – કાલા – રસૂલુલ્લાહે – સલ્લલ્લાહો અલૈહે – વસલ્લમ : 'લમ–અસમ્ઓ''**

:: અનુવાદ ::

રાવી વર્ણન કરે છે કે, **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે : **'મૈં નથી સાંભળ્યું'**

હવે આ હદીષના અનુસંધાને અતિ મહત્વના મુદ્દાઓની ચર્ચા કરીએ :-

- **હઝરત અબ્બાસે** જનાબ અબૂ તાલિબના કલ્મો પઢવાની માહિતી આપી, તેના વિષે કોઈ પણ જાતનો પ્રત્યાઘાત આપ્યા વગર **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફકત એટલું જ ફરમાવ્યું કે **'મૈં નથી સાંભળ્યું'** એટલે કે અબૂ -તાલિબના કલ્મા રટણની ધ્વનિ મારા કર્ણપટ સુધી નથી પહોંચી. જેનો એક અર્થ એ પણ થયો કે હઝરત અબ્બાસે પ્રદાન કરેલી માહિતી ઉપર **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે વિશ્વાસ મુકયો નહીં. આપ સદંતર સંતૃષ્ટ થયા જ નહીં અને હઝરત અબ્બાસની જનાબ અબૂ -તાલિબના કલ્મા પઢી લેવાની વાતને સ્વીકૃત, આધારભૂત કે વિશ્વસનીય ઠહેરાવી નહીં.
- જો **હુઝૂરે અકદસ** ને જનાબ અબૂ-તાલિબે કલ્મો પઢી લીધો છે, તેવી આછી-પાતળી પણ ઝલક અથવા શકયતા જણાઈ હોત, તો હઝરત અબ્બાસની વાતનું સાંભળતાની સાથે જ, એક ઝાટકે ખંડન ફરમાવ્યું જ ન હોત, કેમ કે જેને કલ્મો પઢાવીને દીને ઈસ્લામમાં દાખિલ કરવાના આટલા બધા પ્રયત્નો અને તીવ્ર ઈચ્છા ધરાવી હોય, તે વ્યકિતએ કલ્મો પઢયો છે અને તેના કલ્મા પઢવાની ગવાહી સામે આવી હોય, તે બાબત એવી માંમૂલી કે દરકાર ન કરવામાં આવે તેવી નાની-સૂની કે તેના પ્રત્યે નિરસતા દાખવવામાં આવે તેવી સામાન્ય કક્ષાની ન હતી કે તેનો સ્વીકાર કરીને માન્ય રાખવાના બદલે તેવી અતિ મહત્વની બાબતનો સરળ અને સાદા શબ્દોમાં ફકત એટલું જ ફરમાવી દેવું કે **'મૈં નથી સાંભળ્યું.'** શું અર્થ રાખે છે? અને શું સંકેત આપે છે?
- **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મુકદ્દસ જીભથી નિકળેલ વાકય **'મૈં નથી સાંભળ્યું'** નો ભાવાર્થ અને તાત્પર્ય ફકત એટલું જ છેકે અબ્બાસ કાકા! **તમોએ સાંભળેલી વાતનો શો ભરોસો ? જો અમો સાંભળેલ હોત,** તો ઠીક

એટલે કે સ્વીકાર્ય હતો. આ ઈરશાદે ગિરામી દ્વારા હઝરત અબ્બાસની ગવાહીનું સ્પષ્ટ ખંડન છે. અને તે ખંડન (રદ) કરનાર અલ્લાહ તઅલાનો એવો સાચો અને ન્યાયિક સાક્ષી છે કે જેના વિષે કુરઆન **'ઈન્ના– અરસલનાકા – શાહિદન'** નું ખુલ્લમ ખુલ્લા ઐલાન ફરમાવે છે, તે મુકદ્દસ **આદિલે–શાહિદ** જે ગવાહીને રદ અને અમાન્ય ઠરાવે તેને માન્ય, સ્વીકાર્ય અને યોગ્ય ઠરાવીને કબૂલ કરનાર કે કરાવનાર એવું અન્ય કોઈ છે ? કદાપી નહીં.

- જનાબ અબૂ તાલિબના 'ઈમાનની ગવાહી' આપનાર હઝરત અબ્બાસની ગવાહી એટલા માટે અમાન્ય છે કે, **ગવાહી આપતી વખતે તેઓ ખૂદ જ 'ઈમાની હાલત' માં ન હતા, કેમ કે :–**

હઝરત અબ્બાસનો ઈસ્લામ સ્વીકાર

''مروی ہے کہ ان کے اسلام لانے کا سبب یہ ہوا کہ وہ اپنے ہمراہ بیس (۲۰) اوقیہ سونا لائے تھے تا کہ مشرکوں کو کھانا دیں۔لیکن جنگ میں ان سے لے لیا گیا اور اسے مال غنیمت میں داخل کر دیا گیا۔تو انہوں نے حضور ﷺ سے عرض کیا کہ اس بیس (۲۰) اوقیہ سونے کو ان کے فدیہ میں محسوب کر لیں لیکن حضور ﷺ نے اسے قبول نہ فرمایا اور فرمایا کہ یہ تو وہ مال ہے جسے تم ہمارے خلاف جنگ میں کفار کی مدد کے لئے لائے تھے۔اب وہ مسلمانوں کی غنیمت میں ہے۔اسے فدیہ میں محسوب نہیں کیا جا سکتا۔تو انہوں نے کہا میں اور کوئی مال نہیں رکھتا۔کیا آپ یہ چاہتے ہیں کہ آپ کا چچا لوگوں سے بھیک مانگے اور لوگوں کے آگے ہاتھ پھیلائے؟ حضور ﷺ نے فرمایا وہ سونا کہاں ہے، جب تم مکہ سے نکل رہے تھے، تب اپنی زوجہ ام الفضل کے سپرد کر کے آئے تھے؟۔''انہوں نے کہا آپ کو اس کی خبر کیسے ملی ؟ فرمایا مجھے میرے رب نے خبر دی۔پھر وہ کہنے لگے میں گواہی دیتا ہوں کہ آپ صادق ہیں۔بجز خدا کے کوئی اس سے باخبر نہیں تھا۔اس کے بعد وہ اسلام لائے اور کہنے لگے۔**اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَنَّکَ رَسُوْلُ اللّٰهِ۔**''

حوالہ:۔ ''مدارج النبوۃ(اردو ترجمہ)''،مصنف :شیخ محقق شاہ عبدالحق محدث

دھلوی(المتوفیٰ: ۱۰۵۲ھ)

ناشر:۔ ادبی دنیا،دھلی، جلد: ۲،صفحہ: ۱۶۸ ''مدارج النبوۃ(فارسی)''،

ناشر:۔ مرکز اھل سنت برکات رضا،پوربندر، جلد: ۲،صفحہ: ۹۷

☉ ઉપરોકત ઉર્દુ ફકરાનું ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે ☉

'વર્ણનીય છે કે તેઓના ઈસ્લામ સ્વીકારનું કારણ એ છે કે, તેઓ જંગે બદરની લડાઈમાં પોતાની સાથે **૨૦ (વીસ) ઉકયા સોનું** (અમુક તોલા સોનું (Gold) લાવેલા) . જે યુધ્ધ પૂર્ણ થતાં તે સોનું તેઓની પાસેથી છીનવી લઈને, મુજાહિદો માટે એકત્રિત કરવામાં આવેલા **'માલે–ગનીમત'** માં જમા કરી દેવામાં આવ્યું.' હઝરત અબ્બાસે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી વિનંતી કરી કે તે સોનું **ફિદયા ની રકમ** એટલે કે છુટકારો મેળવવા માટે ભરવો પડતો દંડ તરીકે ગણી લેવામાં આવે, પણ **હુઝૂરે અકદસે** તે વિનંતી નો અસ્વીકાર કરીને હઝરત અબ્બાસથી ફરમાવ્યું કે આ જપ્ત કરેલું સોનું તે માલ છે, જે તમો જંગ (યુધ્ધ) માં અમારી વિરૂધ્ધ કાફિરોની સહાય માટે લાવ્યા હતા, જેથી તે સોનું તમને મળી શકે નહીં કેમ કે તે હવે મુસ્લિમો માટે એકત્રીત કરવા આવેલું માલે-ગનીમત છે. જેથી તેને ફિદયાની રકમ તરીકે સળભળ (Adjust) કરી શકાય નહીં. હઝરત અબ્બાસે વિશેષ વિનંતી કરતા જણાવ્યું કે હવે હૂં કોઈ પણ જાતની સંપતિ કે રકમ ધરાવતો નથી. શું આપ એવું ઈચ્છો છો કે, આપનો કાકા લોકો પાસે થી ભીખ માંગે અને લોકો સમક્ષ હાથ ફેલાવે ?

હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે **તે સોનું કયાં છે? જે તમો લડાઈ માટે મકકા શહેર થી નિકળતી વખતે પોતાની પત્ની 'ઉમ્મે–ફઝલ'ને સુપ્રત કરી આવ્યા છો.** હઝરત અબ્બાસે હૈરત પામીને કહયું આપને આ બાબતની જાણ કેવી રીતે થઈ ? આપે ફરમાવ્યું કે મારા રબે મને તેની જાણ કરી છે. આ સાંભળી ને હઝરત અબ્બાસે કહયું કે હૂં ગવાહી આપુ છું કે આપ સાદિક એટલે સાચા છો. આ મામલાની ખુદા સિવાય કોઈને જાણ ન હતી. ત્યાર બાદ તેમણે ઈસ્લામ અંગિકાર કર્યો અને કલ્મ-એ-શહાદત પઢતા કહયું કે **''અશહદો–અલ–લા–ઈલાહા –ઈલ્લલ્લાહો – વ – ઈન્નકા – રસૂલુલ્લાહે''**

◉ 'જંગે બદર' સન હિજરી ૨ (બે) માં થએલી, તે જંગમાં હઝરત અબ્બાસ કાફિરોની તરફેણમાં ઈસ્લામી લશ્કરની સામે લડયા હતા. યુધ્ધમાં ઈસ્લામનો ઝળહળતો વિજય થએલો અને હઝરત અબ્બાસ 'યુધ્ધ કૈદી' તરીકે પકડાએલા અને **ઈલ્મે ગૈબ** ઉપર આધારીત **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો 'મોઅજઝો' જોઈને તથા પ્રભાવિત થઈને ઈસ્લામનો સ્વીકાર કરેલો.

◉ પુરવાર થયું કે હઝરત અબ્બાસ **સન હિજરી ૨(બે)** માં ઈમાન લાવેલા. જયારે જનાબ અબૂ તાલિબનો ઈન્તેકાલ નબુવ્વતના એલાનના **દસમા (૧૦)** થએલો. એટલે કે **જનાબ અબૂ તાલિબના ઈન્તેકાલના પાંચ (૫) વર્ષ પછી હઝરત અબ્બાસ ઈમાન લઈ આવ્યા છે.**

◉ કેવી અજીબ બાબત છે કે જનાબ અબૂ તાલિબનું ઈમાન પુરવાર કરવા માટે જેની ગવાહી ઉપર શીયાપંથી લોકો આધાર રાખી રહયા છે, તે ગવાહી એટલે કે જનાબ અબૂ-તાલિબના ઈમાનની ગવાહી આપનારા હઝરત અબ્બાસ સ્વયં પોતે જ તે વખતે ઈમાનની હાલતમાં હતા નહીં. ઉપરાંત હઝરત અબ્બાસની ગવાહીને **'મે નથી સાંભળ્યું'** ફરમાવીને રદ-બાતલ કરનારા આકા **ઈમાનની જાન છે.**

◉ મિલ્લતે ઈસ્લામીયાના મહાન ઈમામો, પેશ્વાઓ, આલિમો, મુફતીઓ અને મહાન વલીઓ સર્વાનુતે એ વાત ઉપર એકત્રીત છે કે જનાબ અબૂ તાલિબ **હુઝૂરે અકદસ** ના અતિ આગ્રહ છતાં કલ્મો પઢવાનો ઈન્કાર કરીને કુફ્રની હાલતમાં અવસાન પામ્યા છે. વિશેષમાં જનાબ અબૂ-તાલિબના ઈમાનના પુરાવા અને સાબિતી માટે હઝરત અબ્બાસની ગવાહી વાળી જે હદીષ રજૂ કરવામાં આવે છે, તે હદીષને સ્વીકૃત અને વિશ્વસનીય માનતા નથી, કેમ કે જનાબ અબૂ તાલિબના ઈમાનની ગવાહી આપનારા હઝરત અબ્બાસ પોતેજ તે સમયે ઈમાની હાલતમાં ન હતા. આ અંગેના આધારભૂત કિતાબો ના અમુક હવાલાઓ વાંચક મિત્રોની સેવામાં રજૂ છે.

લગભગ છસ્સો (૬૦૦) વર્ષ પહેલા ઈન્તેકાલ કરનારા ઈમામ અયની (વફાત સ. હિ. ૮૫૫) ની વિશ્વસનીય કિતાબ 'ઉમ્દતુલ – કારી – શર્હે – સહીહુલ – બુખારી' નો હવાલો કે જનાબ અબૂ તાલિબના ઈમાન અંગેની હઝરત અબ્બાસની ગવાહી આધારભૂત નથી

"قَـالَ السُّهـيُـلـى:لِاَنَّ الْـعَبَّـاسَ قَـالَ ذٰلِکَ فِى حَالِ کَونِـهِ عَـلٰى غَيْرِ الْإِسْلَامِ،وَلَو أَدَّاهَا بَعْدَ الْإِسْلَامِ لَقُبِلَتْ مِنْهُ".

حوالہ:

"عـمـدة الـقـارى شـرح صـحـيح البخارى"، مؤلف:امـام بـدرالـدين ابى محمدمحمودبن احمدالعينى (المتوفى۸۵۵ھ)،

ناشر:۔ (۱) دارإحياء التراث العربى، بيروت(لبنان)، جلد:۸، صفحہ:۱۸۲


ناشر:۔ (۲) ناشر:دارالكتب العلمية،بيروت(لبنان)، جلد:۸، صفحہ:۲۶۴

ترجمہ: "سہیلی نے کہا کہ حضرت عباس نے یہ بات حالت غیر اسلام میں کہی ۔اگر بعد اسلام وہ اس کو ادا کرتے ،تو مقبول ہوتی"۔

⊛ ઉપરોકત ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ ⊛

'સુહૈલ એ કહયું કે હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હો એ આ વાત ગૈર મુસ્લિમ હોવાની હાલતમાં કહી, જો તેઓ એ આ વાત ઈસ્લામ સ્વીકાર કર્યા પછી વર્ણન કરી હોત, તો તેઓની વાત સ્વીકાર્ય હોત.'

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''ઉમ્દતુલ કારી શર્હે સહીહુલ બુખારી'' નો ટાઈટલ પેઈજ



عمدة القاري

شرح

صحيح البخاري

تأليف

الإمام العلامة بدر الدين أبي محمد محمود بن أحمد العيني

المتوفى سنة ۸۵۵ ھ

ضبطه وصححه

عبد الله محمود محمد عمر

طبعة جديدة مرقمة الكتب والأبواب والأحاديث

حسب ترقيم المعجم المفهرس لألفاظ الحديث النبوي الشريف

الجزء الثامن

المحتوى:

كتاب الجنائز - كتاب الزكاة

من الحديث (۱۲۳۷) - إلى الحديث (۱۴۴۶)

منشورات

محمد علي بيضون

لنشر كتب السنة والجماعة

دار الكتب العلمية

بيروت - لبنان

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''ઉમ્દતુલ કારી શર્હે સહીહુલ બુખારી'' ની અરબી ઈબારતવાળા પેઈજ નં. ૨૬૪ ની ઝેરોક્ષ નકલ

٢٦٤ — ٢٣ ـ كِتَابُ الجَنَائِزِ / بَاب (٨١)

يتردد في الإيمان ولا يتوقف عليه لتماديه على خلاف ما تبين حقيقته، وقيل: «أحاج لك بها»، كقوله «أشهد لك بها عند الله» لأن الشهادة للمرء حجة له في طلب حقه، ولذلك ذكر البخاري هنا الشهادة لأنه أقرب التأويل في قصة أبي طالب في كتاب البعث، لاحتمالها التأويل. ووقع عند ابن إسحاق: أن العباس قال للنبي ﷺ: يا ابن أخي، إن الكلمة التي عرضتها على عمك سمعته يقولها، فقال له النبي ﷺ: لم أسمع. قال السهيلي: لأن العباس قال ذلك في حال كونه على غير الإسلام، ولو أداها بعد الإسلام لقبلت منه، كما قبل من جبير بن مطعم حديثه الذي سمعه في حال كفره وأداه في الإسلام.

٨١ ــ بَابُ الجَرِيدِ عَلَى القَبْرِ

أي: هذا باب في بيان وضع الجريد على قبر الميت، والجريد الذي يجرد عنه الخوص.

وَأَوْصَى بُرَيْدَةُ الأَسْلَمِيُّ أَنْ يُجْعَلَ فِي قَبْرِهِ جَرِيدَانِ

مطابقته للترجمة ظاهرة، وبريدة، بضم الباء الموحدة وفتح الراء وسكون الياء آخر الحروف وفتح الدال المهملة: ابن الحصيب، بضم الحاء وفتح الصاد المهملتين: ابن عبد الله الأسلمي، مات بمرو سنة اثنتين وستين، وقد تقدم في: باب من ترك الحصر، وهذا التعليق وصله ابن سعد من طريق مورق العجلي قال: أوصى بريدة أن يوضع في قبره جريدان. وقوله: «في قبره» رواية الأكثرين، وفي رواية المستملي: «على قبره»، والحكمة في ذلك، على رواية الأكثرين، التفاؤل ببركة النخلة، لقوله تعالى: ﴿كشجرة طيبة﴾ [إبراهيم: ٢٤]. وعلى رواية المستملي الاقتداء بالنبي ﷺ في وضعه الجريدتين على القبر، وسنذكر الحكمة فيه عن قريب، إن شاء الله تعالى.

وَرَأَى ابنُ عُمَرَ رضي الله تعالى عنهما فُسْطَاطاً عَلَى قَبْرِ عَبْدِ الرَّحْمٰنِ فقال انْزِعْهُ يا غُلامُ فَإِنَّمَا يُظِلُّهُ عَمَلُهُ

وجه إدخال أثر ابن عمر في هذه الترجمة من حيث إنه كان يرى أن وضع النبي ﷺ الجريدتين على القبرين خاص بهما، وأن بريدة حمله على العموم، فلذلك عقب أثر بريدة بأثر عبد الله بن عمر، رضي الله تعالى عنهما، وعبد الرحمن هو ابن أبي بكر الصديق، رضي الله تعالى عنهما، بينه ابن سعد في روايته له موصولاً من طريق أيوب بن عبد الله بن يسار، قال: مر عبد الله بن عمر على قبر عبد الرحمن بن أبي بكر أخي عائشة، رضي الله تعالى عنهم، وعليه فسطاط مضروب، فقال: يا غلام إنزعه فإنما يظله عمله. قال الغلام: تضربني مولاتي. قال: كلا فنزعه. قوله: «انزعه» أي: إقلعه، وكان الغلام الذي خاطبه عبد الله غلام عائشة أخت عبد الرحمن. قوله: «فإنما يظله» أي: لا يظله الفسطاط، بل يظله العمل الصالح فدل هذا على أن نصب الخيام على القبر مكروه، ولا ينفع الميت ذلك، ولا ينفعه إلا عمله

ઈમામ કુસ્તલાની ની કિતાબ 'મવાહુબુલ-લદુનિયા'ની શરહ લખનાર ઈમામ ઝુરકાની (વફાત સ.હિ. ૧૧૨૨) ની કિતાબ 'શર્હુલ-અલ્લામા-ઝુરકાની'નો હવાલો કે અબૂ તાલિબના ઈમાન વિષે હઝરત અબ્બાસની ગવાહી ઈસ્લામ સ્વીકાર પછી હોત, તો સ્વીકાર્ય અને માન્ય હોત.

"كَماقَالَ الْإِمَامُ اَلسُّهِيْلِيُّ فِیْ الرَّوْضِ (بِأَنَّ شَهَادَةَ الْعَبَّاسِ لِأَبِیْ طَالِبٍ لَوْ أَدَّاهَا بَعْدَ مَاأَسْلَمَ كَانَتْ مَقْبُوْلَةٌ وَلَمْ تُرِدْ) شَهَادَتُهُ (بِقَوْلِهِ عَلَيْهِ السَّلَامُ،لَمْ أَسْمَعْ لِأَنَّ الشَّاهِدَ الْعَدْلَ اِذَا قَالَ: سَمِعْتُ، وَقَالَ مَنْ هُوَأَعْدَلُ مِنْهُ: لَمْ اَسْمَعْ، أَخَذَ بِقَوْلِ مَنْ أَثْبَتَ السِّمَاعِ) قَالَ السُّهَيْلِیُّ لِأَنَّ عَدَمَ السِّمَاعِ يَحْتَمِلُ أَسْبَابًامَنَعَتِ الشَّاهِدَ مِنَ السَّمْعِ (وَلٰكِنَّ الْعَبَّاسَ شَهِدَ بِذَالِكَ قَبْلَ أَنْ يُّسَلِّمَ)فَلاَ تُقْبَلُ شَهَادَتُهُ".

حوالہ:۔

"شرح العلامة الزرقانی علی المواهب اللدنية"، مؤلف: محمدبن عبدالباقی الزرقانی، (المتوفی ۱۱۲۲ھ)

(۱) ناشر: مركزاهل سنت بركات رضا، پوربند، گجرات، (الهند)، وفاة خديجة وأبی طالب، جلد: ۲، صفحه: ۴۰


(۲) ناشر: دارالمعرفة، بيروت(لبنان)، جلد: ۱، صفحه: ۲۹۱، ۲۹۲

ترجمہ: "جیسا کہ امام سہیلی نے روض میں فرمایا کہ اگر ابوطالب کے بارے میں حضرت عباس رضی اللہ تعالیٰ عنہ کی شہادت آپ کے اسلام لانے کے بعد ہوتی، تو مقبول ہوتی، اس کو حضور علیہ الصلوۃ والسلام کے اس ارشاد کے ساتھ رد نہ کیا جاتا کہ "میں نے نہیں سنا" کیونکہ عادل گواہ جب کہے کہ "میں نے سنا ہے" اور اس سے زیادہ عدل والا کہے کہ "میں نے نہیں سنا" تو اس کے قول کو قبول کیا جائے گا، جو سماع کو ثابت کرنے والا ہے۔ سہیلی نے کہا: اس کی وجہ یہ ہے کہ عدم سماع کئی ایسے اسباب کا احتمال رکھتا ہے جو گواہ کو سننے سے روکتے ہوں، لیکن چونکہ حضرت عباس رضی اللہ تعالیٰ عنہ نے اسلام لانے سے قبل اس کی شہادت دی، لہذا ان کی شہادت قبول نہ ہوگی"۔

⊛ ઉપરોકત ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ ⊛

'જેવું કે ઈમામ સુહૈલીએ 'રૌઝ'માં ફરમાવ્યું કે, જો અબૂ-તાલિબના બારામાં હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હોની ગવાહી આપના ઈસ્લામ સ્વીકાર પછી હોત, તો માન્ય હોત. જો તે ગવાહી ઈસ્લામ સ્વીકાર પછી દેત તો તેને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના તે ફરમાન કે **'મૈં નથી સાંભળ્યું'**, દ્વારા રદ-બાતલ કરવામાં આવત નહીં, કેમે કે જયારે આદિલ-ગવાહ એવું કહે કે, **'મૈં નથી સાંભળ્યું છે'**, અને તેની વિરૂધ્ધ તેનાથી પણ અદલ વાળો કહે કે **'મૈં નથી સાંભળ્યું'**, તો પણ આદિલ-ગવાહના કથનને માન્ય રાખવામાં આવત, જે સાંભળવાની વાત પુરવાર કરે છે ઈમામ સુહૈલી ફરમાવે છે કે તેનું કારણ એ છે કે, 'ન સાંભળવું' અનેક એવા કારણોની શકયતા ધરાવે છે, જે ગવાહને સાંભળવામાં અવરોધરૂપ છે. પણ જેવું કે **હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હોએ ઈસ્લામ સ્વીકાર પૂર્વે ગવાહી આપી છે. જેથી તેઓની ગવાહી સ્વીકાર્ય નહી ગણાય.'**

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''શર્હુલ-અલ્લામા ઝરકાની'' નો ટાઈટલ પેઈજ


شرح العلامة الزرقاني
المتوفى سنة ١١٢٢هـ
على
المواهب اللدنية بالمنح المحمدية
للعلامة القسطلاني
المتوفى سنة ٩٢٣هـ
ضبطه وصححه
محمد عبد العزيز الخالدي
الجزء الثاني
مركز أهل السنة بركات رضا

હવાલામાં રજૂ કરેલ કિતાબ ''શર્હુલ-અલ્લામા ઝરકાની'' ની ઈબારત નો ભાગ-૨, પેઈજ નં. ૪૦ની ઝેરોક્ષ નકલ

من الموت لقلتها، لا أقولها إلا لأسرك بها. فلما تقارب من أبي طالب الموت نظر العباس إليه يحرك شفتيه، فأصغى إليه بأذنه فقال: يا ابن أخي، والله لقد قال أخي الكلمة التي أمرته بها. فقال رسول الله ﷺ: لم أسمع. كذا في رواية ابن إسحق أنه أسلم عند الموت.

وأجيب بأن شهادة العباس لأبي طالب لو أداها بعد ما أسلم كانت مقبولة ولم ترد بقوله عليه الصلاة والسلام لم أسمع، لأن الشاهد العدل إذا قال سمعت وقال من هو أعدل منه: لم أسمع أخذ بقول من أثبت السماع. ولكن العباس شهد بذلك قبل أن يسلم.

مع أن الصحيح من الحديث قد أثبت لأبي طالب الوفاة على الكفر والشرك. كما رويناه في صحيح البخاري من حديث سعيد بن المسيب..........

واختاره الخطابي والزمخشري.

قال عياض: ونبهنا غير واحد من شيوخنا على أنه الصواب، أي: خوارًا وضعفًا، وقال شمر دحشًا (من الموت لقلتها) ولو قلتها (لا أقولها إلا لأسرك بها) لا إذعانًا حقيقة حكمة بالغة (فلما تقارب من أبي طالب الموت نظر العباس إليه يحرك شفتيه فأصغى إليه بأذنه، فقال: يا ابن أخي، والله لقد قال أخي الكلمة التي أمرته بها) لم يصرح بها العباس؛ لأنه لم يكن أسلم حينئذ (فقال رسول الله ﷺ: لم أسمع) وثبت في نسخة زيادة: ولم يكن العباس حينئذ مسلمًا، وهي وإن صحت في نفسها لكنها ليست عند ابن إسحق، (كذا في رواية ابن إسحق) عن ابن عباس بإسناد فيه من لم يسم (أنه) أي: إفادة أنه (أسلم عند الموت) من قول العباس، لقد قال: لم يروه بلفظ أنه أسلم عند الموت كما توهم، فقد ساق ابن هشام في السيرة والحافظ في الفتح لفظه، وما فيه ذلك وبهذا احتج الرافضة ومن تبعهم على إسلامه.

(وأجيب) كما قال الإمام السهيلي في الروض (بأن شهادة العباس لأبي طالب لو أداها بعد ما أسلم كانت مقبولة ولم ترد) شهادته (بقوله عليه السلام لم أسمع لأن الشاهد العدل إذا قال: سمعت، وقال من هو أعدل منه: لم أسمع، أخذ بقول من أثبت السماع) قال السهيلي لأن عدم السماع يحتمل أسبابًا منعت الشاهد من السمع، (ولكن العباس شهد بذلك قبل أن يسلم) فلا تقبل شهادته (مع أن الصحيح من الحديث قد أثبت لأبي طالب الوفاة على الكفر والشرك، كما رويناه في صحيح البخاري) في مواضع (من حديث سعيد بن المسيب) عن أبيه أن أبا طالب لما حضرته الوفاة دخل عليه النبي ﷺ وعنده أبو جهل وعبد الله بن أبي أمية بن

જનાબ અબૂ-તાલિબના ઈમાન લાવ્યાનું ખંડન ખૂદ હઝરત અબ્બાસે રિવાયત કરેલી બુખારી શરીફ અને મુસ્લિમ શરીફની હદીષ દ્વારા થઈ રહયું છે.

આ કિતાબના પેઈજ નં. ૬૩ ઉપર **'હુઝૂરે અકદસના સદકામાં અબૂ-તાલિબ ઉપર અઝાબ હળવો થયો'** એ શિર્ષક હેઠળ એક હદીષ :-

⊛ **'બુખારી શરીફ'**	ના કુલ આઠ	(૮) એડીશનના હવાલાથી
⊛ **'મુસ્લિમ શરીફ'**	ના કુલ છ	(૬) એડીશનના હવાલા થી
⊛ **'મુસ્નદે ઈમામ અહમદ'**	ના કુલ બે	(૨) એડીશનના હવાલાથી
	કુલ - સોળ	**(૧૬) એડીશનના હવાલા થી**

થી વર્ણન કરવામાં આવી છે. સંજોગાવત કેવી અજીબ વાત છે કે આ હદીષના રાવી (વર્ણનકર્તા) **હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ** રદીઅલ્લાહો અન્હો છે. હઝરત અબ્બાસ ફરમાવે છે કે મૈં **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી અર્ઝ કરતાં પ્રશ્ન પુછયો કે યા રસૂલલ્લાહ ! આપના કાકા **અબૂ-તાલિબ** આપની તરફેણમાં લોકોથી લડતા ઝઘડતા હતા. તેઓની આ સેવાના બદલા અને વળતર રૂપે આપે તેઓને શો ફાયદો પહોંચાડયો? પ્રશ્નનો ઉત્તર આપતા **હુઝૂરે અકદમસ, જાને ઈમાન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ફરમાવે છે કે, **'મૈં તેઓને સમગ્ર શરીર સાથે આગમાં ગરકાવ જોયા, તો ખેંચીને પગ સુધીની આગમાં કરી દીધા. જો હૂં ન હોત, તો તેઓ જહન્નમના સૌથી નીચેના તબકકા** (ભાગ)**માં હોત.'**

ઉપરોકત હદીષશરીફના અનુસંધાનેનીચેના મુદ્દાઓ અતિ લક્ષને પાત્ર છે, જેનું એકાગ્રતાથી વાંચન અને મનન કરવા વિનંતી. :-

- આ હદીષના રાવી (વર્ણન કર્તા) હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના **સગા કાકા** અને જનાબ અબૂતાલિબના **સગા ભાઈ** છે.
- આ તે હઝરત અબ્બાસ છે, જેમણે જનાબ અબૂ તાલિબ ના ઈન્તેકાલના સમયે પોતાના કાનો (Ears) તેઓના હોઠોંની સમીપ લઈ જઈને **કલ્મા શરીફ** પઢતા સાંભળ્યાની જાણ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને કરેલી, પણ હુઝૂરે અકદસે **'મૈં નથી સાંભળ્યું'** ફરમાવીને હઝરત અબ્બાસની ગવાહી રદ ફરમાવી દીધી હતી.

- જનાબ અબૂ તાલિબના ઈમાનની ગવાહી આપતી વખતે ખૂદ હઝરત અબ્બાસ પણ ઈમાનની હાલતમાં ન હતા. બલ્કે જનાબ અબૂ તાલિબના ઈન્તેકાલના **પાંચ (૫) વર્ષ પછી જંગે બદરના અવસરે ઈમાન લાવેલા.**
- હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હોએ **હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોની ખિલાફતનાં કાળમાં **૧૨, રજબ સન હિજરી – ૩૨** ના દિવસે આ ફાની દુનિયાથી ઈન્તેકાલ ફરમાવ્યો છે.
- ઈન્તેકાલના સમયે હઝરત અબ્બાસની ઉમ્રે શરીફ (વય) **અઠાસી (૮૮) વર્ષ** ની હતી. સન હિજરી - ૨(બે) થી સન હિજરી - ૩૨ (બત્રીસ) વચ્ચેના **ત્રીસ (૩૦) વર્ષ** ના લાંબા સમય ગાળા દરમ્યાન હઝરત અબ્બાસે કદી પણ જનાબ અબૂ-તાલિબના ઈમાન અંગે એવી ગવાહી નથી આપી કે જનાબ અબૂ તાલિબ ને ઈન્તેકાલ સમયે કલ્મો પઢતા મૈં સાંભળ્યા છે.
- હદીષ શરીફની બહુસંખ્યક કિતાબો, ફંફોળી નાખો, એક પણ હદીષ એવી નહીં મળે કે હઝરત અબ્બાસે ઈસ્લામ અંગિકાર કર્યા પછી છેક પોતાના અવસાન સુધીમાં એક વખત પણ વર્ણન કરીને એવી ગવાહી આપી હોય કે અબૂ તાલિબને ઈન્તેકાલના સમયે **'લા–ઈલાહા – ઈલ્લલ્લાહો'**નો કલ્મો પઢતા મૈં સાંભળ્યા છે.
- અલબત્ત, હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હો દ્વારા જનાબ અબૂ તાલિબ માટે જહન્નમના અઝાબ અંગેની હદીષ જરૂર વર્ણનીય છે. આ કિતાબના **પેઈજ નં. ૬૩** ઉપર સોળ (૧૬) એડીશન્સના હવાલાઓ દ્વારા બુખારી, મુસ્લિમ અને મુસ્નદે ઈમામ અહમદ દ્વારા મર્વી (વર્ણનીય) હદીષને ફરી એક વખત ધ્યાનપૂર્વક વાંચી જુઓ.
- વર્ણનીય હદીષ શરીફના મુકદ્દસ ફરમાનના શબ્દોના અસ્તિત્વનું કારણ પણ હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હો છે. કેમ કે હઝરત અબ્બાસ એ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી સવાલ પૂછયો કે આપના કાકા આપની તરફેણમાં ઈસ્લામના શત્રુઓ સાથે લડતા અને અથડાતા હતા, તો અબૂ તાલિબ ને તેઓની મહાન સેવાઓના પુરસ્કારરૂપે, તેઓ ને આપે શો ફાયદો પહોંચાડયો છે?
- હઝરત અબ્બાસના આ સવાલ ઉપર ફરી એક વખત ઊંડાણ પૂર્વકનું દ્રષ્ટિપાત કરી જુઓ. હઝરત અબ્બાસને આ સવાલ પૂછવાની શા માટે જરૂરીયાત પડી?

બીજીવાત એ કે સવાલ ના શબ્દો **'શો ફાયદો પહોંચાડયો છે ?'** પ્રત્યે લક્ષ આપો. આ અંગે વિસ્તૃત વિવેચન કરવાના બદલે ટૂંકમાં એટલું જ કહેવાનું કે **ફાયદો** તેને જ પહોંચાડવામાં આવે છે, જે નુકસાની અને ખોટ (Loss) માં હોય છે. તો જયારે હઝરત અબ્બાસે જનાબ અબૂ તાલિબના ફાયદા વિષે જે સવાલ પૂછેલો, તે **'ફાયદો'** આખેરતના અજો-સવાબ ને અનુલક્ષીને હતો. કેમ કે હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હો જાણતા હતા કે મારા મોટા ભાઈ જનાબ અબૂ-તાલિબ પોતાના ઈન્તેકાલ ના સમયે કલ્મો પઢવાનો ઈન્કાર કરીને સરિયામ ખોટ અને નુકસાનીમાં છે.

- જો કે, જનાબ અબૂ - તાલિબ પાસે **હુઝૂરે અકદસ** ની હમદર્દી, મહોબ્બત, લાગણી, પરવરિશ, પ્રેમભાવ, હિમાયત, હિફાઝત તથા અન્ય મહાન સેવાઓના પૂણયની જમા પૂંજી ભાથામાં છે પણ તે જમા પૂંજી ઈમાન અને ઈસ્લામના સ્વીકારની શરતે યોગ્ય, માન્ય અને સ્વીકૃત છે. જે મારા મોટા ભાઈને પ્રાપ્ય નથી. પણ પ્યારા **રહમતુલ–લિલ–આલમીન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની શાને-કરીમી માટે યોગ્ય નથી કે તેઓની સેવા અને હિમાયત કરનારો સદંતર વંચિત અને ફાયદા વિહોણો રહે - જેથી જ હઝરત અબ્બાસે પૂછી લીધું કે અબૂ-તાલિબને તેઓની મહાન સેવાઓના વળતર સ્વરૂપે શો ફાયદો થયો?
- ફાયદા અંગે હઝરત અબ્બાસ દ્વારા પૂછવામાં આવેલા સવાલ ના જવાબમાં **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્મ ફરમાવે છે કે **'મૈં અબૂ તાલિબને માથાથી પગ સુધી આગમાં ગરમાવ જોયા'** જેનો સ્પષ્ટ અર્થ છે કે જનાબ અબૂ તાલિબનું સમગ્ર શરીર અગ્નિની જવાળાઓમાં લપેટાએલું હતું. શા માટે ? ફકત એક જ કારણ હતું કે ઈમાન નસીબ (પ્રાપ્ત) નહોતું થયું.
- **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની શાને રહેમત અને કરમ જુઓ, હુઝૂરે અકદસનો દરિયા-એ-કરમ જોશમાં આવ્યો અને અબૂ-તાલિબ કે જેઓ સમગ્ર શરીર સાથે જહન્નમની આગમાં ગરકાવ હતા, તેઓને **ખેંચીને ફકત પગ સુધીની આગમાં લાવી દીધા.**
- **હુઝૂરે અકદસ, માલિકો–મુખ્તાર,** આકા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના અધિકારો અને સત્તાઓનો પુરાવો જનાબ અબૂ તાલિબના અઝાબમાં રાહત

કરી આપવી છે. **અલ્લાહ તઆલા** એ પોતાના મહેબૂબે આઝમ અને અકરમને સમગ્ર સૃષ્ટિનાં અતાઈ અને મજાઝી માલિક બનાવી દીધા છે. ત્યાં સુધી કે જન્નત અને દોઝખ પણ તેઓની સતા અને અધિકાર હેઠળ કરી દીધી છે કે જેને ઈચ્છે તેને જન્નતમાં પ્રવેશ આપી દે અને જેને ઈચ્છે તેના માટે જહન્નમના અઝાબમાં રાહત અને હળવું (Abatement) કરી આપે.

- હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હોએ **સન હિજરી – ૨ (બે)** માં ઈસ્લામ અંગિકાર કર્યા પછી **આઠ (૮)** વર્ષો સુધી હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સંગાથે સેવામાં ઉપસ્થિત રહયા અને **હુઝૂરે અકદસ** ના દુનિયાથી જાહેરી પડદો કર્યા બાદ **બાવીસ (૨૨) વર્ષો** સુધી સહાબા-એ-કિરામ અને તાબેઈને ઈઝામ રિદવાનુલ્લાહે અલૈહીમના નૂરાની સમુહ સાથે રહીને **સન હિજરી – ૨૨ (બાવીસ)** ના રજબ મહિના ની **બાર –(૧૨)** તારીખે દુનિયાથી પર્દો ફરમાવ્યે. આ **ત્રીસ (૩૦)** વર્ષો ના લાંબા સમયકાળ દરમિયાન ક્યારેય પણ આપે જનાબ અબૂ તાલિબના અનૂસંધાને એવું વર્ણન નથી કર્યુ કે ઈન્તેકાલના સમયે મૈં તેઓને કલ્મો પઢતા સાંભયા છે.
- અલબત્ત, પગથી માથા સુધીની જહન્નમની આગથી **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સદકામાં રાહત મેળવીને ફકત પગ સુધીની આગમાં હોવાની હદીષ અવશ્ય વર્ણન કરી છે. એટલે કે, સ્વયંએ કરેલો પ્રશ્ન કે **હુઝૂરે અકદસ** થી જનાબ અબૂ તાલિબને શો ફાયદો થયો ? અને પોતાના પ્રશ્નના જવાબરૂપી ઈર્શાદે નબી સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ કે હવે તેઓ ફકત પગ સુધીની આગમાં છે, આ હદીષ તેમણે જ વર્ણન કરી છે.
- જો હઝરત અબ્બાસની માન્યતામાં જનાબ અબૂ તાલિબ મુસલમાન હતા, તો તેઓ હુઝૂરે અકદસ થી હરગિઝ આ પ્રશ્ન ન પૂછત કે **હુઝૂરે પોતાના કાકા અબૂ તાલિબને કોઈ ફાયદો પહોંચાડયો ?** કેમ કે તેઓ યકીનની કક્ષામાં જાણતા હતા કે ઈસ્લામ સ્વીકાર કરવાથી ભૂતકાળના સમગ્ર પાપો અને કુ:કર્મો માફ કરી દેવામાં આવે છે. હદીષ શરીફનો ઈર્શાદ કે **'મન– કાલા – લા – ઈલાહા – ઈલલ્લાહા – દખલલ – જન્નતા'** અર્થાત :- **'જેણે લા–ઈલાહા– ઈલલ્લાહા – કહ્યું, તે જન્નતમાં દખિલ થયો'** (હવાલો :- **'અલ–મુસ્તદરક– લિલ–હાકિમ'** :- પ્રકાશક : દારૂલ ફિક્ર - બૈરૂત (લેબનોન) **જિલ્દ નં. ૪, પેઈજ નં. ૨૫૧)** આ ઈર્શાદે ગિરામી તેઓને સારી પેઠે યાદ હતો. પણ પોતાના પ્રશ્નમાં જનાબ અબૂ તાલિબની હુઝૂરે અકદસ પ્રત્યેની મહોબ્બત, હમદર્દી, સહાય, તરફેણ વગેરે ના પ્રસંગો વર્ણન કરીને પૂછે છે કે હુઝૂરે તેઓને શો ફાયદો પહોંચાડયો ? જેનો સાફ મતલબ એ થયો કે અબૂ-તાલિબ કલ્મો પઢયા વગર અને ઈમાનની અનમોલ દૌલતથી વંચિત અને મેહરૂમ બનીને દુનિયાથી ગયા છે. જેથી હવે તેઓ મગફેરત અને બખ્શિશની નેઅમતે ઉઝમા માટે લાયક અને હકદાર નથી. અલબત્તા હુઝૂરે અકદસની રહેમત અને કરમ નવાઝી જ ફકત એક એવો સહારો છે કે જેના કારણે જનાબ અબૂ તાલિબને ફાયદો થઈ શકે છે.
- **હઝરત અબ્બાસ** રદીઅલ્લાહો અન્હોના મતે જો જનાબ અબૂ તાલિબ મુસલમાન હોત, તો તેઓનો પ્રશ્ન એ હોત કે, **યા રસૂલલ્લાહ !** અબૂ તાલિબે જીવન પર્યત આપની હમદર્દી, હિમાયત, અને મહોબ્બતમાં ગળાડૂબ સેવાઓ બજાવીને અંતે ઈમાન લાવીને ઈન્તેકાલ કર્યો છે, તો એ બતાવો કે તેઓ ને **અલ્લાહ તઆલા** એ જન્નત નો કયો ઉચ્ચ દરજજો અર્પણ કર્યો છે? ફિરદૌસે-આલા નો કયો મહેલ તેઓને ફાળવી આપ્યો છે? આવો સવાલ નથી પૂછતા બલ્કે તેના બદલે શું માફી અને રાહત મળી ? એવો સવાલ પૂછે છે. જેના જવાબમાં **ઝબાને અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્મથી એવું સાંભળવા મળે છે કે **'મૈં અબૂ તાલિબને સમગ્ર પણે આગમાં ગરકાવ જોયા, તો ખેંચીને પગ સુધી આગમાં કરી દીધા.'**
- **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે જનાબ અબૂ તાલિબ વિષે હઝરત અબ્બાસે પૂછેલા સવાલનો જે જવાબ ઈર્શાદ ફરમાવ્યો, તે જવાબ ના અંતિમ વાકયમાં ફરમાવે છેકે , **'જો હું ન હોત, તો તેઓ જહન્નમના સૌથી નીચેના તબકકા (વિભાગ)માં હોત.** હદીષ શરીફ આ વાકયના અંતિમ શબ્દો લક્ષને પાત્ર છે. આ વાકયને નીચે દર્શાવ્યા મુજબ બે (૨) ભાગમાં વહેંચણી કરીએં :-

ભાગ નં.૧	ભાગ નં. ૨
જો હૂં ન હોત, તો	તે જહન્નમ ના સૌથી નીચા તબકકામાં હોત

હદીષના વાકયના ઉપર મુજબ બે (૨) ભાગ પાડયા બાદ સૌ પ્રથમ ભાગ નં. ૨ ના શબ્દો **'તે જહન્નમના સૌથી નીચા તબકકામાં હોત'** અનુસંધાને થોડીક ચર્ચા કરીએ.

- **'તે'** જહન્નમના સૌથી નીચલા તબકકામાં હોત' - આ વાકય માં જે શબ્દ 'તે' છે, તેનાથી જનાબ અબૂ-તાલિબ મુરાદ (આશય) છે. શા માટે મુરાદ છે? જનાબ અબૂ તાલિબે એવો કયો અપરાધ કર્યો છે કે તેઓ જહન્નમના સૌથી નીચે ના તબકકામાં હોત? જો કે જનાબ અબૂ તાલિબે જીંદગીભર હુઝૂરે અકદસની તરફેણ અને સહાય કરવામાં કશી જ કચાશ નહોતી રાખી. તેમ છતાં પણ તેઓના માટે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ જહન્નમના અઝાબનો ડર સંભળાવી રહયા છે. જો કે જહન્નમ તો કાફિરો માટેનું સ્થાન છે. કુરઆન શરીફમાં **અલ્લાહ તઆલા** ઈર્શાદ ફરમાવે છે કે, **'અ-લયસા – ફી – જહન્નમા – મષવન – લિલ – કાફેરીના'** (પારા નં.૨૧, સુર-એ-અન્કબૂત, આયત નં. ૬૮) અ ર્થાત :- **'શું જહન્નમમાં કાફિરોનું ઠેકાણું નથી ?'** (કન્ઝુલ ઈમાન)
- કુરઆને મજીદની અન્ય એક આયતમાં ઈર્શાદે રબ છે કે, **'વ – ઉક્બલ – કાફેરીનન્નારો'** (પારા નં. ૧૩, સૂર-એ-રઅદ, આયત નં. ૩૫) અર્થાત :- **'અને કાફિરોનો અંજામ આગ'** (કન્ઝુલ ઈમાન), ઉપરાંત કુરઆને મજીદમાં 'કાફિરોનો અંજામ જહન્નમ છે અથવા આગ છે.' એવા અર્થમાં અનેક આયતો છે. ટૂંકમાં ફકત એટલું જ કે કાફિરનો અંજામ જહન્નમની આગ છે. 'ખાલેદીના ફીહા' એટલે કે કાફિરો આગમાં હંમેશા માટે રહેશે.
- કુરઆન શરીફના વચન મુજબ કાફિરનું હંમેશાનું ઠેકાણું આગ છે. પણ જનાબ અબૂ-તાલિબના બારામાં **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સદકામાં એ રાહત પ્રાપ્ત થઈ કે અબૂ તાલિબ કુફ્રની હાલતમાં અવસાન પામ્યા છતાં પણ તેઓ જહન્નમની આગમાં સંપૂર્ણપણે લપેટાએલા રહેવાના બદલે ફકત પગ સુધીની આગમાં હશે. પુરવાર થયું કે જનાબ અબૂ તાલિબ સદાય જહન્નમની આગમાં રહેશે. પછી તે આગ ભલે ફકત પગ સુધી જ હોય. અને મોમિન સદાયને માટે આગમાં કદાપી નહીં રહે. આ વઈદ (અઝાબની ધમકી) ફકત તેના જ માટે છે કે જે હાલતે ઈમાનમાં અવસાન નથી પામ્યો બલ્કે કુફ્રની હાલતમાં 'દુનિયા સે ચલ બસા હૈ'
- ઈર્શાદે ગિરામી કે **'અગર મૈ ન હોતા તો'** નું વાકય એ વાતનો પુરાવો છે કે જનાબ અબૂ તાલિબ ઈમાનની હાલતમાં દુનિયાથી વિદાય નથી થયા બલ્કે એવી

હાલતમાં ગયા છે કે તેમના માટે માથાથી પગ સુધી જહન્નમ આગમાં ડૂબી જવાનું હોય છે. કેમકે કુરઆન શરીફના ઈર્શાદ મુજબ કુફ્ર ના આચરણના કારણે આ સજાને લાયક હતા. પણ **હુઝૂરે અકદસ** સાથેની મહોબ્બત, પ્રેમભાવના, હમદર્દી, લાગણી વગેરે સદવર્તનનો બદલો એ મળ્યો કે સમગ્ર શરીરના બદલે ફકત આગમાં પગ છે.

- આ કિતાબના **પેઈજ નં. ૬૭** ઉપર **'દોઝખમાં સૌથી હળવો અને ઓછો અઝાબ જનાબ અબૂ તાલિબ ને હશે'** એ શિર્ષક હેઠળ એક હદીષ **મુસ્લિમ શરીફ** ના છ (૬) એડીશનના હવાલા થી તથા **મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ** ના એક (૧) એડીશનના હવાલાથી રજૂ કરી છે કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છેકે **'દોઝખીઓ માં સૌથી હળવો અઝાબ અબૂ તાલિબ ઉપર છે. '**

  અજીબ સંજોગ છે કે, આ હદીષના રાવી (વર્ણન કર્તા) **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ** એટલે જનાબ અબૂ તાલિબના સગા ભાઈ હઝરત અબ્બાસના ફરઝંદ (દિકરા) છે. એટલે કે આ હદીષના રાવી જનાબ અબૂ તાલિબના **સગા ભત્રીજા** છે. તેઓ એટલે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ પોતાના **સગા કાકા** માટે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું ફરમાન વર્ણન કરે છેકે, જહન્નમીઓમાં સૌથી હળવો અઝાબ અબૂ તાલિબ ઉપર છે. જેનો સ્પષ્ટ અર્થ એ થયો કે **હુઝૂરે અકદસના ફરમાન મુજબ જનાબ અબૂ તાલિબ જહન્નમમાં છે.**
- શું કારણ છે કે જનાબ અબૂ-તાલિબ જહન્નમમાં છે? ફકત એક કારણ જ છે કે તેઓ ઈમાનની હાલતમાં નહીં બલ્કે કુફ્રની હાલતમાં દુનિયાથી અલ-વિદા થયા છે. જો ઈમાનની હાલતમાં તેઓનો ઈન્તેકાલ થયો હોત તો તેઓ જહન્નમના બદલે **જન્નતુલ – ફિરદૌસ** માં ઉચ્ચ કક્ષાના મરતબાના સ્થાને બિરાજીત હોત.
- **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ** ની પેદાઈશ ઐલાને - નબુવ્વતના દસમા (૧૦) વર્ષ એટલે કે હિજરતના ત્રણ (૩) વર્ષ પહેલા એટલે કે જે વર્ષે જનાબ અબૂ તાલિબનું અવસાન થયું, તે વર્ષે જ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનો જન્મ થયો છે. **હઝરત અબ્બાસ** નો ઈન્તેકાલ હિજરી સન બત્રીસ (૩૨)માં થયો છે.

જે હિસાબે હઝરત અબ્દુલ્લાહ અને હઝરત અબ્બાસ બન્ને બાપ-દિકરાએ **પાંત્રીસ (૩૫) વર્ષ** સુધી એક જ મકાનમાં સાથે રહીને જીંદગી પસાર કરેલી.

- હઝરત અબ્દુલ્લાહએ પોતાના વાલિદ હઝરત અબ્બાસના સંગાથે પસાર કરેલા જીંદગીના **૩૫ (પાંત્રીસ)** વર્ષોમાંથી શીશુ અવસ્થા, બાળાવસ્થા, મુગ્ધાવસ્થા અને કિશોરાવસ્થાના ૧૫(પંદર) વર્ષો કે જે અપરિપકવ બુધ્ધી કૌશલ્યના વર્ષો ગણીને બાદ કરી નાખીએં તો પણ તેમણે ૨૦ (વીસ) વર્ષો સુધી પરિપકવ અને પુખ્ત કૌશલ્યના સમજદાર અને ચબરાક પુત્ર તરીકે પોતાના વાલિદે ગિરામીની સાથે પસાર કરેલા. તે વીસ (૨૦) વર્ષોમાં જાહેરમાં કે ખાનગીમાં નિવાસ્થાને હઝરત અબ્દુલ્લાહે પોતાના પિતાના મુખેથી કદી પણ એ વાત નહોતી સાંભળી કે તમારા કાકા અબૂ તાલિબના ઈન્તેકાલના સમયે તેઓને કલ્મો પઢતા મૈં સાંભળ્યા છે. ઉલ્ટાનું હઝરત અબ્દુલ્લાહે પોતાના વાલિદની ઝુબાની તે હદીષ અવશ્ય સાંભળેલી કે **હુઝૂરે અકદસ**ના સદકામાં જનાબ અબૂતાલિબ ઉપર જહન્નમના અઝાબમાં રાહત કરી દેવામાં આવી છે.
- બલ્કે ખૂદ ***હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ*** રદીઅલ્લાહો અન્હો પણ એક હદીષ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી રિવાયત કરે છે કે જહન્નમમાં સૌથી ઓછો અને હળવો અઝાબ જનાબ અબૂ તાલિબ ઉપર છે. આ હદીષનો શરૂનો ભાગ તો અમો વર્ણન કરી ચુકયા છીએ. હવે તે હદીષના વાકયના અંતિમ શબ્દો જુઓ કે **'અબૂ તાલિબ આગ કે દો (૨) જૂતે પહેને હૂએ હૈ, જિસસે ઉસકા દિમાગ ખોલતા હૈ'** એટલે કે, 'અબૂ - તાલિબે આગના બે (૨) જોડા પહેર્યા છે, જેનાથી તેનું મગજ ખદબદે છે.' (અલ-અમાન - વલ હફીઝ) જયારે આગના જૂતાઓમાં એટલી સખ્ત ઉષ્ણતા અને ગરમી છે કે જહન્નમની આગના જૂતાઓ પહેરનારનું મગજ સખ્ત ગરમી અને તાપના કારણે ખદબદે છે, તો જે સમગ્ર શરીર સાથે જહન્નમની આગમાં ગરકાવ હશે, તેની શું હાલત હશે?
- ***હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ*** અને ***હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ*** રદીઅલ્લાહો અન્હુમા બન્ને પિતા-પુત્રે એક - એક હદીષ એવી રિવાયત કરી છે કે જનાબ અબૂ તાલિબ જહન્નમના અઝાબમાં છે. તે વાત અલગ છે કે **હુઝૂરે અકદસ** સલ્લ્લાહો અલૈહે વસલ્મના સદકામાં તેઓના અઝાબની તીવ્રતા અને સખ્તીમાં હળવાશ અને રાહત કરી દેવામાં આવી છે.

પણ તે બન્ને પિતા-પુત્રની માન્યતા એ છે કે, એટલે કે હઝરત અબ્બાસનું પોતાના સગા ભાઈ માટે અને હઝરત અબ્દુલ્લાહનું પોતાના સગા કાકા જનાબ અબૂ તાલિબ વિષે એવો અકીદો છે કે તેઓ જહન્નમના અઝાબમાં સપડાએલા છે અને તેઓ ને અઝાબે જહન્નમ ફકત એ કારણસર જ ભોગવવો પડે છે તેઓ હાલતે ઈમાનના બદલે હાલતે કુફ્રમાં દુનિયાથી રૂખ્સત થયા છે.

- હઝરત અબ્બાસે ઈસ્લામ કબૂલ કર્યા પહેલાં કહેલી વાતને દલીલ અને પુરાવો બનાવીને જનાબ અબૂ-તાલિબના ઈમાન અને તેઓનું નિઃશંક જન્નતી હોવું સાબિત કરનારા, અંધશ્રધ્ધામાં ગરકાવ અને અજ્ઞાનતાના કારણે પૂર્વગ્રહ અને ગલત ફેહમીના સપડાએલા તત્વોને ફકત એટલું જ કહેવાનું કે, જનાબ અબૂ-તાલિબના ઈમાનની સાબિતી માટે હઝરત અબ્બાસની ઝમાન-એ-જાહેલિયત એટલે ઈસ્લામનો સ્વીકાર કર્યા પહેલાની એટલે કે હાલતે કુફ્રમાં કહેલી વાતને મહત્વતા અને અગત્યતા આપી છે. જોશના આવેશ અને થનગનાટમાં ઉછળકૂદ અને રાડારાડી કરતા પહેલાં હઝરત અબ્બાસે ઝમાન-એ-હિદાયત એટલે કે ઈસ્લામ કબૂલ કર્યા પછીની હાલતે ઈમાનમાં કહેલી વાત ઉપર દ્રષ્ટિપાત કરવાના બદલે તેને શા માટે ભૂલી જાઓ છો અને ભૂલાવી દો છો ?. ખુદાના વાસ્તે હઝરત અબ્બાસે જનાબ અબૂ તાલિબ વિષે હાલતે ઈમાનમાં કહેલી વાતને ધ્યાનપૂર્વક વાંચી કે સાંભળી લેશો, તો તમારો અર્થહીન જોશ અને ઉશ્કેરાટ નો થનગનાટ ઓસરી જશે અને સોડાની બોટલની જેમ હવામાં ઉડી જશે.
